Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-
Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

Year:8, Issue: 76 Dt.10-01-2023 (Tuesday)

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

## કાનપુરમાં છેલ્લા એક અઠવાડિયામાં હાર્ટ એટેકથી ૧૦૮ લોકો મૃત્યુ પામ્યા

### ઉત્તરપ્રદેશના કાનપુરમાં ઠંડીનું જોર હજુ યથાવત, લઘુત્તમ તાપમાન બે ડિગ્રીએ પહોંચ્યું




**(એજન્સી સમાચાર)**

કાનપુર, તા.૧૦

યુપીના કાનપુરમાં ઠંડીનું જોર ચાલુ છે. લઘુત્તમ તાપમાન બે ડિગ્રીએ પહોંચી ગયું છે. આવી સ્થિતિમાં વધતી જતી ઠંડીના કારણે લોકો બીમાર પડી રહ્યા છે. આ કડકડતી ઠંડીમાં હાર્ટ એટેકના દર્દીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સ્થિતિ એવી છે કે લોકો હાર્ટ એટેકના કારણે મૃત્યુ પામી રહ્યા છે. કાનપુરની હાર્ટ ડિસીઝ ઇન્સ્ટિટ્યૂટના આંકડા પણ એ દર્શાવે છે કે શહેરમાં હૃદયરોગના દર્દીઓ સતત મૃત્યુ પામી રહ્યા છે.

રોજના ૬૦૦થી વધુ દર્દીઓ ઓપીડીમાં પહોંચી રહ્યા છે. હૃદયરોગ સંસ્થામાં ૫૦૦થી વધુ દર્દીઓની સારવાર ચાલી રહી છે. છેલ્લા એક અઠવાડિયામાં હાર્ટ એટેકના કારણે ૧૦૮ના મોત થયા છે. તમને જણાવી દઈએ કે, હાર્ટ એટેકથી થયેલા મૃત્યુના આંકડા કાનપુર હાર્ટ ડિસીઝ ઈન્સ્ટિટ્યૂટમાંથી જ સામે આવી રહ્યા છે. ગ્રામીણ વિસ્તારો અને અન્ય સીએચસી હોસ્પિટલો અને સરકારી હોસ્પિટલોના આંકડા આમાં સામેલ નથી. તબીબોના જણાવ્યા અનુસાર શિયાળામાં બીપીના દર્દીઓ અને વૃદ્ધોને વધુ તકલીફ પડી રહી છે. આવી સ્થિતિમાં કાનપુરની હાર્ટ ડિસીઝ ઈન્સ્ટિટ્યૂટે એક કંટ્રોલ રૂમ શરૂ કર્યો છે અને હેલ્પલાઈન નંબર જારી કરીને લોકો સુધી મદદ પહોંચાડી રહ્યા છે, જેથી લોકોનો જીવ બચાવી શકાય.

હૃદયરોગ સંસ્થાના ડાયરેક્ટર વિનાયક ડો.ક્રિષ્ના કહે છે કે આવી ઠંડીમાં લોકોએ સાવચેતી રાખવાની જરૂર છે. ઠંડીમાં લોકોએ ગરમ કપડાં પહેરવા જોઈએ અને જરૂર પડે તોજ વૃદ્ધોને ઘરની બહાર કાઢો. હાર્ટના દર્દીઓએ ખાસ કાળજી લેવાની જરૂર છે. કાર્ડિયોલોજી મેનેજરના આંકડા મુજબ ૧ જાન્યુઆરી, ૨૦૨૩થી ૮ જાન્યુઆરી સુધીમાં ૧૦૮ દર્દીઓ હાર્ટ એટેકને કારણે મૃત્યુ

(અનુ.પાના નં.૪ ઉપર)

## હાઈ-વે આસપાસના લોકોએ ટોલટેક્ષ આપવો પડશે નહીઃ ખાસ પાસ અપાશે



### ૬૦ કિ.મી.ની મર્યાદામાં એકથી વધુ ટોલનાકા હશે તો હટાવાશેઃ નીતિન ગડકરી

**(એજન્સી સમાચાર)**

નવી દિલ્હી, તા.૧૦

દેશમાં હાઈ-વે સહિતની સફર થાય છે ત્યારે ટોલટેક્ષ ભરવો પડે છે તેમાં મોટી રાહત મળવા જઈ રહી છે. જેમાં હવે બે ટોલટેક્ષ નાકા વચ્ચે ઓછામાં ઓછું ૬૦ કિ.મી.નું અંતર હશે. કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે, હાઈ-વે પર ટોલનાકાની સંખ્યા મર્યાદીત કરવામાં આવશે અને સ્થાનિક લોકોએ ટોલટેક્ષ ભરવાનો રહેશે નહી.

ગડકરીએ જણાવ્યું કે, એવી અનેક ફરિયાદો આવી છે કે ૧૦ કિ.મી.ના રેન્જમાં બીજો ટોલટેક્ષ આવે છે. ફકત ૧૦ કિ.મી.ની રેન્જમાં ફરી ટોલટેક્ષ વસુલવો એ ખોટું છે. લોકોએ ૬૦ કિ.મી.ની રેન્જમાં ફકત એક જ વખત ટોલટેક્ષ ચૂકવવો પડશે અને હાલ આ રેન્જમાં એકથી વધુ ટોલટેક્ષ હશે તે દૂર કરવામાં આવશે. આ કામગીરી આગામી ત્રણ માસમાં કરી લેવામાં આવશે. ગડકરીએ જણાવ્યું કે, હાઈ-વેની આસપાસ રહેતા લોકોની પણ ફરિયાદ છે કે નજીકના એક ગામથી બીજા ગામમાં જતા હોય તેઓ પાસેથી પણ ટોલટેક્ષ વસુલવામાં આવે છે પણ સ્થાનિય લોકોને આ રીતે પ્રવાસમાં ટોલટેક્ષ આપવાનો રહેશે નહી. તેઓને એક માસ અપાશે જે દેખાડી તે ટોલટેક્ષ ભર્યા વગર સફર કરી શકશે.

## ઈન્ડોનેશિયામાં ૭.૭ની તિવ્રતાના જોરદાર ભૂકંપ



### ઉત્તરી ઓસ્ટ્રેલિયામાં પણ ઝટકા અનુભવાયા

**(એજન્સી સમાચાર)**

જાકાર્તા, તા.૧૦

ઈન્ડોનેશિયામાં ગઈકાલે સોમવારે રાત્રે ૭.૭ ની તિવ્રતાનો ભૂકંપનો જોરદાર આંચકો આવ્યો હતો. આ જોરદાર ભૂકંપના આંચકાને પગલે સુનામીની ચેતવણી જાહેર કરાઈ છે. આ ભૂકંપ એટલો તો તેજ હતો કે તેના ઝટકા ઓસ્ટ્રેલિયાના ઉત્તરી ભાગમાં અનુભવાયા હતા. જોકે ઓસ્ટ્રેલીયામાં સુનામીનો ખતરો નથી.

આ અંગેની વિગત મુજબ ઈન્ડોનેશિયામાં ગઈકાલે રાત્રે જોરદાર ભૂકંપનો આંચકો આવ્યો હતો. જેની તિવ્રતા ૭.૭ માપવામાં આવી હતી. ભૂકંપ એટલો તીવ્ર હતો કે ઓસ્ટ્રેલિયાનાં ઉત્તરી ભાગમાં પણ તેના ઝટકા અનુભવાયા હતા.

## બજેટ પૂર્વેની બેઠકોમાં જોડાતા વડાપ્રધાનઃ નિષ્ણાંતોને મળશે

### શનિવારે નીતિ આયોગ સાથે પ્રથમ બેઠક



**(એજન્સી સમાચાર)**

નવી દિલ્હી, તા.૧૦

આગામી તા.૧ના રજૂ થનારા કેન્દ્રીય બજેટ પૂર્વેની મહત્વની બેઠકોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ જોડાયા છે. તેમાં શુક્રવારે પુરો દિવસ બજેટ સંદર્ભની ઉચ્ચ સ્તરીય બેઠકોમાં વિતાવશે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પૂર્વેનું મોદી-ટુ સરકારને આ અંતિમ પૂર્ણ બજેટ હશે. મે-૨૦૨૪માં લોકસભા ચૂંટણી યોજાશે. જે પૂર્વે સરકાર લેખાનુદાન ૨૦૨૪માં રજૂ કરશે. તેથી સરકાર આ બજેટ જોગવાઈઓમાં અનેક મહત્વના નિર્ણયો પણ કરી શકે છે.

મોદી શનિવારે નીતિ આયોગના અર્થશાસ્ત્રીઓ તથા વિવિધ ક્ષેત્રોના નિષ્ણાંતો સાથે બેઠક યોજશે. જે સમયે મોદી દેશ તથા વિશ્વના આર્થિક ચિંઇને ભારતને આગામી સમયમાં જે પડકારોનો સામનો કરવાનો છે તેના પર ચર્ચા કરશે.

વિશ્વના સૌથી ઝડપથી વિકસતા અર્થતંત્ર છતાં ભારતના

(અનુ.પાના નં.૪ ઉપર)

## દિલ્હીમાં સૌથી લાંબા કોલ્ડવેવનો રેકોર્ડ તૂટયો

### સળંગ ૬ દિવસથી શીતલહેરથી ધ્રુજતા દિલ્હીવાસીઓ

**(એજન્સી સમાચાર)**

નવી દિલ્હી તા.૧૦

કોલ્ડવેવનાં અસામાન્ય એટેકનો સામનો કરી રહેલા પાટનગર દિલ્હીમાં આજે પણ કાતિલ ઠંડી તથા ગાઢ ધુમ્મસનો દોર જારી રહ્યો છે.રેલ્વેની માંડીને વિમાની સેવા પ્રભાવીત છે.દિલ્હીમાં સૌથી લાંબી શીતલ લહેરને દસ વર્ષનો રેકોર્ડ તૂટયો છે. જોકે,હવામાન વિભાગ આવતીકાલથી ઠંડીમાં રાહત મળવાની આગાહી કરી છે.

આજે પાટનગર દિલ્હી ઉપરાંત ઉત્તર પ્રદેશ, બિહાર, પંજાબ, હરીયાણા તતા ચંદીગઢ સહિતના ઉત્તર ભારતીય રાજયોમાં હાડ થીજાવતી ઠંડીની સાથોસાથ ગાઢ ધુમ્મસ છવાયેલું રહ્યું હતું. દિલ્હી એરપોર્ટ પર ૬૮ જેટલી ફલાઈટોના સમયપત્રક વેરવિખેર થયા હતા.ગાઢ ધુમ્મસ વચ્ચે પ્રદુષણની ખતરનાક સ્થિતિથી બીએસ-૩ તથા બીએસ-૨ નાં ડીઝલ વાહનો ચલાવવા પર શુક્રવાર સુધી પ્રતિબંધ જાહેર કરવામાં આવ્યો હતો. રેલવેની ૩૬ ટ્રેનો પણ કલાકો સુધી મોડી

(અનુ.પાના નં.૪ ઉપર)

**આજે સતત બીજા દિવસે પણ પીજીવીએલના દરોડા**

## રાજકોટમાં ખોખળદળ, વાવડી, મવડી અને મોટામવામાં ચેકીંગ

### ભુજ-ભાવનગર સર્કલમાં પણ ૬૮ ટીમો ત્રાટકીઃ રાજકોટમાં ગઈકાલે ૧૬ લાખની વીજચોરી ઝડપાઇ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૦

શહેરમાં આજે સતત યથાવત રાખવામાં આવી છે. જેમાં સતત બીજા દિવસે સૌરાષ્ટ્રમાં આજે વહેલી સવારથી PGVCL ની કોર્પોરેટ ટીમ દ્વારા રાજકોટ સીટી સર્કલ ડિવિઝન હેઠળ તેમજ ભાવનગર અને ભુજ ડિવિઝન વિસ્તારમાં અલગ અલગ ૧૧૪ ટીમો દ્વારા વીજ ચેકીંગ હાથ ધરવામાં આવ્યું છે.

રાજકોટ ગ્રામ્ય બાદ શહેરી વિસ્તારમાં વીજ ચેકીંગ અંગે સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આજે વહેલી સવારથી રાજકોટ શહેરમાં સતત બીજા દિવસે ખોખળદળ, મવડી, વાવડી અને મોટામવા સબડિવિઝન હેઠળ આવતા વિસ્તારમાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું છે. આજે વહેલી સવારથી અલગ અલગ ૪૬ ટીમો દ્વારા કણકોટરોડ સહિત ૧૫ જેટલા વિસ્તારમાં વીજચોરી ઝડપી પાડવા કવાયત શરૂ કરવામાં આવી છે.

(અનુ.પાના નં.૪ ઉપર)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
શ્રદ્ધાંજલિ સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક
-:શ્રધ્ધાંજલિની જાહેર ખબરઃ-
ફિક્સ સાઇઝ
(અંદરના પાને)
6 x 2.5: 200 Rs.
+5%GST
ફિક્સ સાઇઝથી વધુ સાઇઝની જાહેરાત આપવા ૬૦રૂ.(Per C.C) ચાર્જ થશે
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426




## હવે મોબાઈલ, લેપટોપ અને નોટબુક જેવા ઉપકરણો એક જ ચાર્જરથી થશે ચાર્જ



**(એજન્સી સમાચાર)**

નવી દિલ્હી તા.૧૦

લેપટોપ, મોબાઈલ અને નોટબુક જેવા સાધનો હવે એક જ ચાર્જરથી ચાર્જ કરી શકશો તેના માટે યુએસબી ટાઈપ-સી ચાર્જરને પ્રમાણીત (સ્ટાન્ડડ) બનાવવામાં આવ્યું છે. ગ્રાહક મામલાના મંત્રાલય સોમવારે જણાવ્યું હતું કે યુએસબી ટાઈપ સી ચાર્જર સહીત ડિઝીટલ ટીવી રીસીવર અને વીડિયો દેખરેખ સિસ્ટમ માટે પણ ગુણવતા માપદંડ જાહેર કર્યા છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે, ભારતીય ધોરણ યુએસબી ટાઈપ-સી ચાર્જર માટે છે. તેમાં પ્લગ અને કેબલ સામેલ છે તેના માટે હાલના વૈશ્વિક ધોરણોને અપનાવવામાં આવ્યા છે. આ ધોરણ વિભીન્ન ઈલેકટ્રોનિકસ ઉપકરણોમાં ઉપયોગ થતાં યુએસબી ટાઈપ-સી પોર્ટ, પ્લગ અને કેબલને લઈને માપદંડ પ્રદાન કરે છે. આ સ્માર્ટ ફોન અને અન્ય ઈલેકટ્રોનિકસ ઉપકરણો માટે સંયુકત ચાર્જીગ આપનાર ચાર્જર માટે છે. આથી દરેક ગ્રાહક દીઠ ચાર્જરની સંખ્યામાં ઘટાડો થશે. કારણ કે ગ્રાહકોને દર વખતે નવુ સાધન ખરીદતી વખતે અલગ અલગ ચાર્જર ખરીદવાની જરૂરત નહીં પડે.આથી ઈ-કચરાને ઘટાડવા અને સતત વિકાસ તરફ વધવાના કેન્દ્રનાં લક્ષ્યને હાંસલ કરવામાં મદદ મળશે.

મંત્રાલયે જણાવ્યું હતું કે બીજુ ભારતીય સ્ટાન્ડડ સેટેલાઈટ ટયુનર સાથે ડિઝીટલ ટેલિવિઝન રીસીવર માટે છે. આ સ્ટાન્ડડ (ધોરણ) અંતર્ગત એલએનબી (લો નોઈઝ બ્લોક ડાઉન કન્વર્ટર) યુકત ડીશ

(અનુ.પાના નં.૪ ઉપર)

## શેરબજારઃ સેન્સેક્સ ૫૦૦ પોઈન્ટ ગગડ્યો, નિફ્ટી ૧૮,૦૦૦ અંદર

**(એજન્સી સમાચાર)**

મુંબઇ, તા.૧૦

વૈશ્વિક સ્તરે અમેરિકા સહિતના વિદેશી બજારમાં ડાઉન મોરલ જોવા મળ્યાના પગલે ભારતીય શેર બજારમાં પણ વેચવાલીના વધતા દબાણ વચ્ચે મંદીનું રોલર ફરી જતા ગઇકાલની ૮૪૭ પોઇન્ટની તેજી ધોવાઇ હોય તેમ આજે ૫૦૦ પોઇન્ટનો કડાકો બોલી ગયો હતો. બીએસઇ સેન્સેક્સ ફરી ઘટી ૬૦ હજારની સપાટી નજીક પહોંચી ગયો હતો તે એનએસઇ નિફ્ટીમાં ૧૩૫ પોઇન્ટ સુધીનો ઘટાડો નોંધાતા નિફ્ટી ફરી ઘટી ૧૮ હજારની અંદર પટકાઇ હતી. બીએસઇ પર ટોપ થર્ટીના ખાસ કરીને આઇસીઆઇસીઆઇ, રિલાયન્સ, એચડીએફસી બેન્ક, ભારતી એરટેલ સહિતના શેરોમાં વેચવાલીનું વધુ પ્રમાણ જોવા મળ્યું હતું.

ભારતીય શેરબજારમાં સોમવારે સેન્સેક્સમાં ૮૪૭ પોઇન્ટની તેજી સાથે ૬૦,૭૪૭ની સપાટીએ બંધ થયેલી બજાર આજે ૬૦,૮૦૫ના મથાળે ખુલી એક તબક્કે ઘટી ૬૦,૨૫૦ સુધી પહોંચી ગઇ હતી. સેન્સેક્સમાં થોડી મિનિટોમાં જ ૫૦૦ પોઇન્ટનો કડાકો બોલી ગયો હતો. જ્યારે એનએસઇ પર નિફ્ટી ૧૮,૧૨૧ની સપાટીએ ખુલી ૧૮,૧૨૭ સુધી વધી ૧૭,૯૬૫ની નીચી સપાટીએ પટકાઇ હતી.

## બિહારમાં વાન-ટ્રક વચ્ચે અકસ્માતઃ આઠના મોત

### મૃતકો ટ્રેન પકડવા વાનમાં જઈ રહ્યા હતા



**(એજન્સી સમાચાર)**

બિહાર, તા.૧૦

બિહારના કટિહાર જિલ્લામાં સોમવારે એક ભીષણ રોડ અકસ્માતમાં બાળકો સહિત ૭ લોકોના મોત થઈ ગયા છે. આ દુર્ઘટનામાં ઓટો અને ટ્રકમાં જોરદાર ટક્કર થઈ હતી, જેમાં ૭ લોકોના મોત ઘટનાસ્થળ પર જ થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ પોલીસ અને સ્વાસ્થ્ય વિભાગ એલર્ટ થઈ ગયું હતું. દુર્ઘટનાની જાણ થતાં જ આજુબાજુના લોકો પણ ઘટનાસ્થળે પહોંચ્યા છે.

ઘાયલોને જિલ્લાની સરકારી હોસ્પિટલમાં તથા અમુક લોકોને પ્રાઈવેટ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યા છે. જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. અકસ્માતની જાણકારી મળતા જ પોલીસ ઘટનાસ્થળે આવી પહોચી હતી. તો વળી સ્થાનિક લોકોએ

(અનુ.પાના નં.૪ ઉપર)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક
Web: www.saurashtrakranti.com
saurashtrakranti


# વ્યાજખોરો વિરૂધ્ધ યોજાયેલ લોકદરબારને વ્યાપક આવકાર

# અશ્રુભરી આંખે પોતાની વેદના જણાવતા અરજદારો







(તસવીરઃ પંકજ ડાભી)





## બપોર સુધીમાં ૬૦ અરજીઓ આવી

### વૃધ્ધ અને વિધવા મહિલાઓ તેમજ અનેક ભોગ બનનાર પરીવારો લોકદરબારમાં ઉમટી પડ્યા, પોલીસ કમિશનરને પોતાની રજૂઆતો જણાવી પુરા જોમ અને જુસ્સા સાથે લોકોને નિર્ભય મને ફરીયાદ કરવા અપીલઃ હંમેશા અરજદારની સાથે રહીને ન્યાય અપાવવા તેમજ જામીન ન મળે તેવી કડક કાર્યવાહી પણ કરવામાં આવશે તેવો વિશ્વાસ અપાવતા ઉચ્ચ અધિકારીઓ

## વ્યાજંકવાદીઓના વિષચક્રમાં ફસાયેલા પરીવારોની વ્હારે પોલીસ

# વ્યાજખોરીને ડામવા પાસાનું પણ શસ્ત્ર ઉગામવા અચકાશું નહીંઃ પો.કમિશનર રાજુ ભાર્ગવ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૦

ગુજરાતભરમાં વ્યાજના ચુંગાલમાં ફસાયેલા લોકોને છોડાવવા અને વ્યાજખોરો સામે કડક કાર્યવાહી કરવા ગુજરાત સરકારે આદેશ કરવામાં આવ્યા બાદ રાજકોટમાં છેલ્લા એક સપ્તાહમાં સાતથી વધુ વ્યાજખોરો સામે ગુના નોંધી કાર્યવાહી કરવામાં આવી હોય ત્યાર બાદ શહેર પો.કમિશનર રાજુ ભાર્ગવની અધ્યક્ષાતામા આજે હેમુગઢવી હોલ ખાતે લોકદરબારનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં પોલીસના ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં વ્યાજંક્વાદનો ભોગ બનેલા લોકોની ફરિયાદ અને તેઓને વિસ્તારથી સાંભળવામાં આવ્યા હતા. લોક દરબારમાં અધિક પોલીસ કમિશનર સૌરભ તોલંબીયા, નાયબ પોલીસ કમિશનર સુધીરકુમાર દેસાઈ, નાયબ પોલીસ કમિશનર (ક્રાઈમ) ડો. પાર્થરાજસિંહ ગોહીલ, નાયબ પોલીસ કમિશનર સજજનસિંહ



પરમાર સહિતના ઉચ્ચ અધિકારીઓ તથા તમામ પોલીસ મથકના થાણા ઈન્ચાર્જ હાજર રહ્યા હતા. શહેરભરમાં વ્યાજખોરોનો ભોગ બનનાર અને વ્યાજખોરોની પઠાણી ઉઘરાણી કરતા ધમકીના કારણે પોલીસમાં ફરિયાદ નહીં કરનાર લોકોને નીર્ભય બની ફરિયાદ નોંધાવવા અનુરોધ કરવામાં આવ્યો હતો તથા વ્યાજના નાણાં કેવી રીતના લઈ શકાય અને કેટલુ વ્યાજ ચુકવી શકાય તથા કેવા પ્રકારના શરાફી મંડળી કે નાણા ધીરધારનું લાયસન્સ ધરાવતા લોકો કેટલુ વ્યાજ લઈ શકે તે અંગે વિસ્તૃત માહીતી પોલીસ દ્વારા પુરી પાડવામાં આવી હતી.લોકદરબારમાં રાજકોટ શહેર પોલીસ દ્વારા તેઓને કાયદાથી માહિતગાર કરવામાં આવેલ હતા જે લોકદરબારમાં કુલ ૬૦ અરજીઓ મળવામાં હોય જે ઉચ્ચ અધિકારીના માર્ગદર્શન હેઠળ લાગતા વળગતા પોલીસ સ્ટેશનમાં તપાસ અર્થે મોકલી આપવામાં આવેલ છે જે અરજી બાબતે રાજકોટ શહેર પોલીસ દ્વારા ન્યાયીક તપાસ કરી ભોગબનારને ન્યાય અપાવવા માટે કાર્યવાહી કરવામાં આવશે.

આ તકે પો.કમિશન રાજુ ભાર્ગવે જણાવ્યું હતું કે, લોકોને જયારે મજબુરી હોય અથવા તો બાળકોને ઉચ્ચ શિક્ષણ માટે જેવા કારણોસર વ્યાજે રૂપીયા લેતા હોય છે અને જો બેંક પાસેથી લેવા જાય તો એક પ્રોસિજરમાંથી પસાર થવુ પડતુ હોય છે અને વ્યાજે નાણાં આપનાર પાસેથી વહેલી તકે નાણાં મળી જતા હોવાથી લોકો તે રસ્તો વધુ પંસદ કરતા હોય છે પરંતુ તેનાથી બચવુ જોઇએ અને વ્યાજખોરો જો હેરાન કરતા હોય તો તેની સામે કોઇ ડર રાખ્યા વિના લોકો ફરિયાદ કરવા આગળ આવે અને પોલીસ હંમેશા પ્રજાની સાથે રહીને તેને ન્યાય અપાવવા મહેનત કરશે વ્યાજખોરીને ડામવા પાસા જેવા કડક પગલા લેવાની જરૂર પડશે તો તે પણ કરીશું જેમા જરા પણ અચકાશું નહીં

# જનઔષધિ કેન્દ્રોમાં ૨૦૦ ની દવાઓ માત્ર રૂપિયા ૫૦ માં : મનસુખ માંડવિયા



દેશભરમાં ખોલાયા ૯ હજારથી વધુ જનઔષધિ કેન્દ્રો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૦

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને રસાયણ તેમજ ખાતર મંત્રી ડો.મનસુખ માંડવિયાએ ભુવનેશ્વરમાં બારામુંડા ક્ષેત્રમાં જન ઔષધિ કેન્દ્રની મુલાકાત લીધી હતી, તેમણે આ દરમિયાન ઘણા લાભાર્થીઓ સાથે વાત પણ કરી હતી.

કેન્દ્રીય આરોગ્ય મંત્રીએ કહ્યુ હતું કે, દેશભરમાં ૯ હજારથી વધુ જનઔષધિ કેન્દ્રો ખોલવામાં આવ્યા છે. જેમાં સસ્તી પરંતુ ગુણવત્તા યુક્ત દવાઓ મળે છે.

આરોગ્ય મંત્રી માંડવિયાએ વધુમાં કહ્યું હતું કે, મેં ભુવનેશ્વરમાં પણ એક કેન્દ્રની મુલાકાત લીધી હતી અને ઘણા લાભાર્થીઓને મળ્યો હતો તેમણે મને જણાવ્યુ હતું કે, બજારમાં ૨૦૦ રૂપિયામાં મળતી બ્રાન્ડેડ દવાઓ અહીં ૫૦ રૂપિયામાં મળે છે.

આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયાએ તમામ એઈમ્સની સેન્ટ્રલ ઈન્સ્ટીટયૂટ બોડીની છઠ્ઠી બેઠકમાં ભુવનેશ્વર એઈમ્સ ખાતે હાજરી આપી હતી. મહિલાઓ કરતા પુરૂષોએ ભાજપ પર વધુ ભરોસો કર્યો છે. એઈમ્સ ભુવનેશ્વરના વિદ્યાર્થીઓને સંબોધીને તેમણે કહ્યું હતું કે, 'આ વડાપ્રધાનના નેતૃત્વમાં ભારત સરકારની પ્રતિબદ્ધતાની અભિવ્યક્તિ છે જ્યાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય કાર્યસૂચિના ભાગરૂપે ગુણવત્તા યુક્ત તૃતીય આરોગ્ય સંભાળ અને તબીબી શિક્ષણને પ્રાથમિકતા આપવામાં આવે છે. 'હીલ ઇન ઇન્ડિયા' અને 'હીલ બાય ઇન્ડિયા' જેવી નવી પહેલી દેશમાં તબીબી મૂલ્યની યાત્રાને વેગ આપશે અને કુશળ અને લાયકાત ધરાવતા તબીબી અને પેરા-મેડિકલ માનવ સંસાધનોની વિશ્વવ્યાપી માંગને પણ પૂરી કરશે. તમામ એઈમ્સ તૃતીય દેખરેખની અગ્રણી રાષ્ટ્રીય સંસ્થા છે અને તેને વૈશ્વિક શ્રેષ્ઠતાની સંસ્થાઓ બનાવવાનું આયોજન છે. તેમણે કહ્યું હતું કે, આ માત્ર સારી ગુણવત્તા, ક્લિનિકલ કેર અને તબીબી શિક્ષણના ઉચ્ચતમ ધોરણો અને અદ્યતન સંશોધન સાથે જ થઈ શકે છે. મોટા સહયોગી 'સંવાદ' માટે વિચારોત્તેજક વિચારો અને મુદ્દાઓ માટે પ્લેટફોર્મ પૂરું પાડવાનું છે.

## ઉપલેટા તાલુકાના નીલખા ગામના બાળકને મળી નવી જિંદગી

# 'રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ' અંતર્ગત રૂદ્રાંશની જન્મજાત હૃદયની ખામી દૂર કરાઇ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૦

રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાનાં નીલખા ગામના ૬ ઓગસ્ટ ૨૦૨૨ના રોજ જન્મેલો રૂદ્રાંશ જન્મથી જ હૃદયની કંઈક ખામી ધરાવતો હતો.આ બાળકને અમદાવાદની યુ.એન.મહેતા હોસ્પિટલમાં વિનામૂલ્યે સમયસર સઘન સારવાર આપી હૃદયની ખામી દૂર કરવામાં આવી હતી.

ઉપલેટા તાલુકાના ઢાંક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના આર.બી.એસ.કે ટીમના ડો. ક્રિષ્ના પેથાણી અને ડો.સમર્થ રામાનુજે તા. ૨૬ ઓગસ્ટના રોજ નીલખા ગામના રૂદ્રાંશના ઘરે વિઝિટ કરી રૂદ્રાંશના સ્વાસ્થ્યની તપાસ કરતા તેને હૃદયની ખામી હોવાનું જણાયુ હતું. તેથી તેની સઘન ચકાસણી અને



સારવાર માટે અમદાવાદની યુ.એન.મહેતા હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યો હતો. જયાં રૂદ્રાંશનું તા.૦૧ સપ્ટેમ્બર ૨૦૨૨ ના રોજ સોનોગ્રાફી અને 2 D Echo કરી નિષ્ણાંત તબીબોએ તેને હૃદયની તકલીફ હોવાનું નિદાન કર્યું હતું.

આ બિમારી સઘન સારવારથી જ મટાડવાનું નક્કી કરી, રૂદ્રાંશના હૃદયની સર્જરી ન કરવાનો નિર્ણય લીધો હતો અને સઘન સારવારથી જ તેની આ ખામી દૂર કરવામાં આવી હતી. રૂદ્રાંશના પિતા મજબૂતભાઈ હુંબલે ગુજરાત સરકારનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે,સરકાર દ્વારા અમલી બનાવાયેલા 'રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ' અંતર્ગત હાલ તેમના પુત્ર રૂદ્રાંશનું સ્વાસ્થ્ય એકદમ સરસ છે જેના બદલ સરકારનો ખૂબ આભારી છું.

## બાટવીયા પરિવાર તથા જૈન સમાજનું ગૌરવ

# વિવેક બાટવીયા CA માં ઉતીર્ણ



રાજકોટઃ ધી ઈન્સ્ટીટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા દ્વારા તાજેતરમાં જાહેર થયેલ પરિણામ મુજબ રાજકોટ મહાજન પાંજરાપોળના ટ્રસ્ટી મુકેશભાઈ બાટવીયા (વીતરાગ જવેલર્સ )ના પુત્ર વિવેક બાટવીયા રાજકોટ સેન્ટરમાં પ્રથમ ક્રમાંક તથા સમગ્ર ભારતમાં ૪૦ માં ક્રમે ઉતીર્ણ થયેલ છે.સી એ વિવેકે જૈન સમાજ તેમજ બાટવીયા પરિવારનું ગૌરવ વધારેલ છે તેમ સુધીરભાઈ બાટવીયાએ જણાવ્યું છે.

## નૂતન શૈક્ષાણિક સોપાન સર કરતું વ્યવસાયી વિદ્યા પ્રતિસ્થાન ટ્રસ્ટ

# રાજકોટ ખાતે શરૂ થશે ઈન્ટીરીયર ડિઝાઈનીંગનો વૈશ્વિક કક્ષાનો સ્નાતક અભ્યાસક્રમ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૦

સૌરાષ્ટ્ર-કચ્છ ખાતે આર્કીટેક્ચરનું સ્નાતક કક્ષાનું શિક્ષણ આપતી સંસ્થા અસ્તિત્વમાં ન હોય, સૌરાષ્ટ્રની પ્રાદેશિક ઓળખને સમજતા ઉત્તમ ગુણવતાની જીવનશૈલી પ્રેરે એવા ભાવી આર્કીટેકટસનું ઘડતર કરવાના હેતુથી વ્યવસાયી વિધા પ્રતિષ્ઠાન (વી.વી.પી.)શિક્ષણ સંસ્થા દ્વારા વર્ષ ૨૦૦૦ માં 'ઈન્દુભાઈ પારેખ સ્કૂલ ઓફ આર્કીટેક્ચર' શરૂ કરવામાં આવેલ છે.

સૌરાષ્ટ્ર-કચ્છની સૌ પ્રથમ આર્કીટેક્ચર કોલેજનું બહુમાન ધરાવતી એવી વી.વી.પી.સંચાલીત ઈન્દુભાઈ પારેખ સ્કૂલ ઓફ આર્કીટેક્ચર ખાતે પાંચ વર્ષનો સ્નાતક કક્ષાનો આર્કીટેક્ચર અભ્યાસક્રમ ચાલે છે.

સતત વિદ્યાર્થી કલ્યાણ તથા રાષ્ટ્ર નિર્માણની ખેવના ધરાવતા વી.વી.પી.ટ્રસ્ટના પ્રતિષ્ઠીત ટ્રસ્ટી મંડળ તથા નિયામક આર્કી.કિશોરભાઈ ત્રિવેદીના વડપણ હેઠળ છેલ્લા બાવીસ વર્ષથી અવિરતપણે નિત્ય-નવિન શૈક્ષણિક ક્ષિતિજો સર કરતી વી.વી.પી.સંચાલિત ઈન્દુભાઈ પારેખ સ્કૂલ ઓફ આર્કીટેક્ચર,સ્થાનિક સ્તરે સ્થાપત્ય કલા શિક્ષણના વિવિધ આયામોનો લાભ વિદ્યાર્થી જગતને મળી રહે તે આશયથી સ્થાપત્ય કલા શિક્ષણ,સંશોધન તથા વિકાસનો વ્યાપ વધારવાનો નિશ્ચય કરી આગામી વર્ષ ૨૦૨૩-૨૪ થી 'સ્કૂલ ઓફ ઈન્ટીરીયર ડિઝાઈન'ના નેજા હેઠળ ચાર વર્ષનું પૂર્ણ સમયનું સ્નાતક કક્ષાનું આંતર રાષ્ટ્રીય સ્તરનું શિક્ષણ પ્રદાન કરતા 'બેચલર ઓફ ઈન્ટીરીયર ડિઝાઈન'(બી.આઈ.ડી.) કોર્ષનો શુભારંભ કરી રહેલ છે.

'રાજકોટ બિલ્ડર્સ એસોસિએશન' તથા 'ધ ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ટીરીયર ડિઝાઈનર્સ-રાજકોટ ચેપ્ટર્સ' દ્વારા રેસકોર્ષ ગ્રાઉન્ડ,રાજકોટ ખાતે તા. ૬ થી ૧૧ જાન્યુઆરી દરમ્યાન આયોજીત તથા કુલ ત્રણ લાખ વર્ગ-મિટરમાં ફેલાયેલ ગુજરાતના સૌથી વિશાળ 'પ્રોપર્ટી એન્ડ બિલ્ડીંગ ઈન્ટીરીયર પ્રોડકટ એકિઝબિશન' એવા 'પ્રોપર્ટી એકસ્પો એન્ડ શોકેસ-૨૦૨૩' અંતર્ગત 'સ્કુલ ઓફ ઈન્ટીરીયર ડિઝાઈન'એ સક્રિયપણે ભાગ લઈને સ્થાપત્ય કલાની બારીકીઓનું નિદર્શન કરતા મોડેલ, ડ્રોઈગ્ઝ તથા વિવિધ મટીરીયલ્સની કલાકૃતિઓ તેમજ 'બેચલર ઓફ ઈન્ટીરીયર ડિઝાઈન' (બી.આઈ.ડી.)ની માહિતી સભર નયનરમ્ય સ્ટોલનું નિર્માણ કરેલ છે. આવાસ,ઓફિસ,શો-રૂમ, મનોરંજન અને પ્રદર્શનના સ્થળ વગેરેના ઈન્ટીરીયર ડિઝાઈનીંગ ઉપરાંત ફર્નીચર ડિઝાઈન,ડિજીટલ મોડેલીંગ, પ્રોડકટ ડિઝાઈન,ગ્રાફિકસ,ફાઈન આર્ટસ તેમજ મીડિયા જેવા સંલગ્ન વિષય ક્ષેત્રોનો વ્યાપ તેમજ ઉજજવળ કારકિર્દી ઘડતરની વિપુલ સંભાવનાઓ ધરાવતા 'બેચલર ઓફ ઈન્ટીરીયર ડિઝાઈન' (બી.આઈ.ડી.) અભ્યાસક્રમમાં કોઈપણ વિષય પ્રવાહમાં ધોરણ ૧૨ પાસ અથવા જનરલ શ્રેણીમાં કોઈપણ વિષયમાં ૪૫% માર્કસ સાથે (અનામત શ્રેણી માંટે ૪૦% માર્કસ સાથે) ડિપ્લોમાં પાસ ઉમેદવાર પ્રવેશ પાત્ર છે.

સૌરાષ્ટ્રના કેન્દ્ર સમા રાજકોટમાં ઈન્ટીરીયર ડિઝાઈનીંગના ડિગ્રી અભ્યાસક્રમમાં તકને કારણે આવાગમનની અનુકુળતા તથા સમય અને ખર્ચમાં બહુમૂલ્ય બચત તેમજ હવા-ઉજાસ ધરાવતા આધુનિક વર્ગખંડો (સ્ટુડીયો), કંમ્પ્યુટર લેબ, લાયબ્રેરી, વર્કશોપ, મટીરીયલ લેબ,વાતાનુકુલીન ઓડીયો-વિઝયુઅલ રૂમ, વિશાળ કેન્ટીન તથા સ્પોર્ટસ ગ્રાઉન્ડ, ઉત્કૃષ્ઠ શૈક્ષણિક સંસાધનો,તજજ્ઞ શિક્ષકો, તેમજ 'સ્ટેટ ઓફ ધ આર્ટ' સગવડો ધરાવતા 'ઈપ્સા'ના રમણીય પરીસરમાં અભ્યાસની અમૂલ્ય તક પ્રાપ્ત કરવા વધુ માહિતી માટે વી.વી.પી.સંચાલિત ઈન્દુભાઈ પારેખ સ્કૂલ ઓફ આર્કીટેકચર,સ્કૂલ ઓફ ઈન્ટીરીયર ડિઝાઈન, કાલાવાડ રોડ,મોટેલ ધી વિલેજ સામે, વાજડી-વીરડા,રાજકોટ ખાતે રૂબરૂ અથવા ફોન નં.૯૧૦૪૬ ૯૨૩૨૨, ૯૧૦૪૫૨૩૫૨૨, ૯૫૧૦૪ ૩૭૫૨૦ માં સવારે ૯ થી સાંજે ૫ દરમ્યાન સર્વે પ્રકારનું માર્ગદર્શન મેળવી શકાશે.

## રાજકોટ ટ્રાફીક પોલીસની લાલ આંખ

# કે.કે.વી સર્કલ પાસે ટ્રાફિક ડ્રાઈવઃ ૧૫ વાહનો ડિટેઈન કરાયા




(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૧૦

પો.કમિશનની સૂચનાથી એડિશનલ સી પી સર સૌરભ તોલમબીયાના માર્ગદર્શનમાં ટ્રાફિક ડીસીપી પૂજા યાદવ દ્વારા કે.કે.વી હોલ પાસે સાંજે નંબર પ્લેટ વગર , ફેન્સી નંબર પ્લેટ અને બ્લેક ફિલ્મની ટ્રાફિક ડ્રાઈવ રાખવામાં આવી હતી જેમાં ૧૫ વાહનો ડિટેઇન કરવામાં આવ્યા,૨૩૦ કેશો કર્યા અને ૭૮૮૦૦ દંડ વસુલ કર્યો. આ ઉપરાંત ડીસીપી ઝોન ૧, ઝોન ૨, ટ્રાફિક એસીપી, ટ્રાફિકના ત્રણ પી આઈ તથા ૧ પી એસ આઈ તથા ટ્રાફિકના માણસો તથા ટીઆરબીના જવાનો થઈ કુલ ૫૦ જેટલા સ્ટાફ દ્વારા કામગીરી કરાઇ હતી.

# તંત્રી સ્થાનેથી...




## ઓનલાઈનને કારણે આંખોની બિમારીમાં ૫૦ ટકાનો વધારો

સતત મોબાઇલ-લેપટોપ સ્ક્રીન સામે જોવું તે આંખના સ્નાયુ માટે પુશ અપ કરાવવા સમાન છે. તેનાથી ના કેવળ આંખો થાકી જાય છે બલ્કે આંખોમાં બળતરા થવી-માથાનો દુખાવો થવો જેવી સમસ્યા પણ સર્જાય છે. બાળકોને કમ્પ્યુટર વિઝન સિન્ડ્રોમની સમસ્યાનો સામનો કરવો ન પડે માટે તેમને આંખ પટપટાવતા રહેવાની ટેવ પાડો. શક્ય તેટલા મોટા સ્ક્રીનનો ઉપયોગ કરવો હિતાવહ છે. બાળકોને વિટામીન એ તેમજ પ્રોટિન મળે તેવા ખોરાક આપવા જોઇએ. ભાગરૂપે સ્કૂલ-કોલેજમાં ઓનલાઇન શિક્ષણ તો ઓફિસમાં હવે ઓનલાઇન મિટિંગ 'ન્યૂ નોર્મલનો હિસ્સો થઇ ગયું છે. જોકે, મોબાઇલ, કમ્પ્યુટરમાં વધારે પડતો સમય આપવાથી હવે 'કમ્પ્યુટર વિઝન સિન્ડ્રોમ કેસમાં સતત વધારો થઇ રહ્યો છે. ગત વર્ષે માર્ચમાં કોરોનાનો પ્રથમ કેસ નોંધાયો ત્યારથી અત્યારસુધી અમદાવાદમાં જ 'કમ્પ્યુટર વિઝન સિન્ડ્રોમના કેસ ૧૦થી ૧૫ ગણા વધી ગયા છે. 'કમ્પ્યુટર વિઝન સિન્ડ્રોમમાં આંખો ડ્રાય થઇ જવી, આંખો લાલ થવી, આંખોમાં બળતરા થવી, દ્રષ્ટિમાં ઝાંખપ અનુભવવી, કચરો પડયો હોય તેમ આંખો ખૂંચવી, આંખોમાંથી પાણી પડવું, અમુક સમયે લાઇટની સામે જોવું ના ગમે, આંખો થાકી જવી, આંખોમાં ખંજવાળ થવી, ડબલ વિઝન થવું જેવી વિવિધ સમસ્યાનો સમાવેશ થાય છે.

કોરોનાનો સૌપ્રથમ કેસ નોંધાયો તેના અગાઉ બાળકો મોબાઇલ કે લેપટોપ પાછળ વધુ સમય ફાળવતા તો માતા-પિતા તરફથી તેમને ઠપકો મળતો. પરંતુ હવે સ્થિતિ સંપૂર્ણ બદલાઇ ગઇ છે અને બાળકો માટે ઓનલાઇન એજ્યુકેશનના ભાગરૂપે મોબાઇલ-લેપટોપનો ઉપયોગ કર્યા સિવાય અન્ય કોઇ વિકલ્પ પણ રહ્યો નથી. પરંતુ કમ્પ્યુટર-મોબાઇલમાં વધારે સમય આપવાથી બાળકોમાં આંખોની લગતી સમસ્યામાં પણ સતત વાધારો થયો છે. માત્ર બાળકો જ નહીં વર્ક ફ્રોમ હોમને કારણે મોટી ઉંમરની વ્યક્તિઓને પણ 'કમ્પ્યુટર વિઝન સિન્ડ્રોમની સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે. જાણકારોનું માનવું છે કે, સ્ક્રીન સામે પૂરતું અંતર નહીં રાખવાથી આ પ્રકારની સમસ્યાનો વધારે સામનો કરવો પડતો હોય છે. આ અંગે અમદાવાદના ઓપ્થેલ્મોલોજીસ્ટ ડો. જગદીશ રાણાએ જણાવ્યું કે, 'કમ્પ્યુટર વિઝન સિન્ડ્રોમ ન થાય નહીં માટે સૌપ્રથમ તેના રૂટ કોઝ સુધી જવું જોઇએ.

# સાંસદ રામભાઈ મોકરીયાના વરદ હસ્તે આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ ખુલ્લો મુકાશે





(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૦

સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ, મ્યુનિસિપલ કમિશનર અમિત અરોરા, ગુજરાત પ્રવાસન વિભાગનાં કમિશનર આલોક કુમાર પાંડે, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન પરેશભાઈ પીપળીયા એક સંયુક્ત યાદીમાં જણાવે છે કે, રાજકોટ મહાનગરપાલિકા અને ગુજરાત પ્રવાસન વિભાગના સંયુક્ત ઉપક્રમે તા.૧૨ જાન્યુઆરીના રોજ સવારે ૯:૩૦ કલાકે ધર્મેન્દ્રસિંહજી કોલેજ (ડી.એચ. કોલેજ)ના ગ્રાઉન્ડ ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ૨૦૨૩ યોજાશે. જેનું દીપ પ્રાગટ્ય રાજ્યસભાના સંસદ સભ્ય રામભાઈ મોકરીયાના વરદ હસ્તે કરવામાં આવશે. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને માન. મેયર ડો. પ્રદિપ ડવ ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમમાં સંસદ સભ્ય રાજકોટ મોહનભાઈ કુંડારીયા, શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, ગુજરાત પ્રદેશ ભાજપ મંત્રી બિનાબેન આચાર્ય, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ધારાસભ્ય અને ડે. મેયર ડો. દર્શિતાબેન શાહ, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, શહેર ભાજપ મહામંત્રીઓ કિશોરભાઈ રાઠોડ, જીતુભાઈ કોઠારી, નરેન્દ્રસિંહ ઠાકુર, શાસક પક્ષ નેતા વિનુભાઈ ધવા, વિપક્ષ નેતા ભાનુબેન સોરાણી, દંડક શાસક પક્ષ સુરેન્દ્રસિંહ વાળા તથા બહોળી સંખ્યામાં પતંગબાજો અને નગરજનો ઉપસ્થિત રહેશે.

### રાજકોટ મનપા અને ગુજરાત પ્રવાસન વિભાગના સંયુક્ત ઉપક્રમે ગુરૂવારે યોજાશે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ

### -:સ્થળ વિઝીટ કરતા પદાધિકારીઓ:-

આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ૨૦૨૩ અનુસંધાને ગઈકાલ તા. ૯ જાન્યુઆરીના રોજ મેયર ડો. પ્રદિપ ડવ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ, ધારાસભ્ય અને ડે. મેયર ડો. દર્શિતાબેન શાહ, શાસક પક્ષ નેતા વિનુભાઈ ધવા, દંડક શાસક પક્ષ સુરેન્દ્રસિંહ વાળા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન પરેશભાઈ પીપળીયા, નાયબ મ્યુનિ. કમિશનર ચેતન નંદાણી, સિટી એન્જી.એચ. એમ. કોટક, સહાયક કમિશનર એચ. આર. પટેલ, ફાયર ઓફિસર આઈ. વી. ખેર, આરોગ્ય અધિકારી જયેશ વકાણી, આસી. મેનેજર કૌશિક ઉનાવા, નાયબ પર્યાવરણ ઈજનેર વલ્લભ જીંજાળા, જન સંપર્ક અધિકારી બી.ટી.રાઠોડ તેમજ અન્ય શાખાના અધિકારીઓએ ડી.એચ. ગ્રાઉન્ડની વિઝિટ કરી હતી.

### -: પતંગોત્સવમાં ૧૬ દેશના સ્પર્ધકો ભાગ લેશે :-

આ પતંગ મહોત્સવમાં ૧૬ દેશોના ૪૧ કાઈટીસ્ટો જેમકે, ઇન્ડોનેશિયા, મલેશિયા, પોલેન્ડ, નેધરલેન્ડ અને સાઉથ આફ્રિકા જેવા દેશના પતંગબાજો તેમજ ભારતના ૭ રાજ્યોમાંથી રાજસ્થાન, સિક્કિમ, મધ્યપ્રદેશ, પોંડીચેરી, તેલંગણા કર્ણાટક અને ઓડીસ્સાના ૧૮ તેમજ રાજકોટ સહિત ગુજરાતના ૯૯ પતંગબાજો ભાગ લેનાર છે. આ સાથે G20 સમિટનો પણ બહોળો પ્રચાર-પ્રસાર કરવામાં આવશે. સમગ્ર રાજયમાં ૮ થી ૧૪ જાન્યુઆરી દરમ્યાન જુદા જુદા જીલ્લાઓમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાશે.

'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત

# સોમલપર ખાતે ખેડૂતલક્ષી શિબિર યોજાઇ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૦

'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત સૌરાષ્ટ્રના દરેક જિલ્લાઓમાં તાલુકા દીઠ બે ખેડૂત શિબિરનું આયોજન સંયુક્ત બાગાયત નિયામક, રાજકોટ વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું.જેમાં રાજકોટ જિલ્લાના વિંછીયા તાલુકાના સોમલપર ગામ ખાતે નાયબ બાગાયત નિયામક દ્વારા પ્રાકૃતિક ખેતી અને બાગાયતની સહાય લક્ષી યોજનાઓનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.



સોમલપર ખાતે આયોજિત આ ખેડૂત શિબિરમાં ગોપાલ મારવિયાએ પ્રાકૃતિક ખેતી શા માટે કરવી ?, કેવી રીતે કરવી? તેના ફાયદાઓ તથા આવનારા સમયની જરૂરીયાત પ્રાકૃતિક ખેતી છે એ બાબતે વિશેષ માહિતી પ્રદાન કરી હતી.

નાયબ બાગાયત નિયામક જી.જે.કાતરીયાએ બાગાયતી ખેતીના સંરક્ષણ અને સંવર્ધન માટે રાજ્ય સરકારે અમલમાં મુકેલી ૧૫૭ જેટલી યોજનાઓ પૈકી કોમ્પ્રીહેન્સીવ હોર્ટીકલ્ચર અને મીશન મધમાખી સહિત અનેક યોજનાઓ અંગે માહિતી આપી હતી.

આત્મા વિભાગના જતીન કાપડીયા,ખેતીવાડી વિસ્તરણ અધિકારી (વિંછીયા) એમ.એસ. સીરોયા, બાગાયત અધિકારી અસિત ટાંક વગેરે આ શિબિરમાં ઉપસ્થિત રહ્યા હતા.

# વિદ્યા સહાયકોની આતુરતાનો અંત : પ્રા.શિક્ષણ પસંદગી સમિતિ દ્વારા ભરતી માટે ફાઇનલ મેરીટ યાદી જાહેર

### મેરીટના આધારે તબક્કાવાર ડોક્યુમેન્ટ ચકાસણી બાદ અપાશે નિમણૂંક પત્રો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૦

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ દ્વારા વિદ્યા સહાયકોની ૨૬૦૦ જગ્યાઓ ભરવા પર પ્રક્રિયા ચાલી રહી છે.રાજયભરમાં ઘણા સમયથી ભરતીની રાહ જોઈ રહેલા વિદ્યા સહાયકોની આતુરતાનો આજે અંત આવ્યો છે.

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિએ પરિણામ જાહેર કર્યું છે. વિદ્યા સહાયકોની ભરતી માટે ફાઇનલ મેરીટ યાદી જાહેર કરી દેવામાં આવી છે.

આ યાદી મુજબ મેરીટના આધારે તબક્કાવાર ડોક્યુમેન્ટ ચકાસણી બાદ નિમણૂંક પત્રો અપાશે.

ફાઇનલ મેરીટ પ્રમાણે ધોરણ ૧ થી ૫ માં કુલ ૬૬૪૮ ઉમેદવારો સામેલ કરાયા છે જેમાં ગણિત-વિજ્ઞાનના શિક્ષકોના પરિણામમાં ૨૫૭૩ ઉમેદવારો છે.

સામાજિક વિજ્ઞાન વિષયના ફાઇનલ મેરીટમાં સામેલ ઉમેદવારોની સંખ્યા ૮૯૮૧ છે. ગુજરાતી ભાષા માટે ફાઇનલ મેરિટમાં ૨૪૧૪ ઉમેદવારોનો સમાવેશ થાય છે.હિન્દી ભાષાના મેરિટમાં ૧૨૯૦ ઉમેદવારો સામેલ છે. અંગ્રેજી વિષયના ફાઇનલ મેરીટમાં ૩૨૩૪ ઉમેદવારો છે. જ્યારે સંસ્કૃત વિષયના મેરીટમાં ૧૩૭૨ ઉમેદવારો સામેલ છે.

**-:આટલા શિક્ષકોની ભરતી ફાઇનલ:-**

**ધો. ૧ થી ૫ માં ૧૦૦૦ શિક્ષકો**
**ગણિત વિજ્ઞાનના ૭૫૦ શિક્ષકો**
**અન્ય ભાષાઓમાં ૨૫૦ શિક્ષકો**
**સામાજિક વિજ્ઞાનના ૬૦૦ શિક્ષકો**

# 'રોઝરી ફેસ્ટ'માં ૭૦૦ વિધાર્થીએ ૧૫૦ પ્રોજેક્ટ રજૂ કર્યા : સ્કોલરશિપથી બહુમાન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૦

રાજકોટ રોઝરી શાળાએ ૪૦ વર્ષ પૂર્ણ કર્યાના શુભ અવસરે શાળા પ્રાંગણમાં એક 'રોઝરી ફેસ્ટ'નું તારીખ ૬, ૭ અને ૮ જાન્યુઆરીના રોજ આયોજન કરાયું હતું. આ ફેસ્ટમાં જોડાયેલા વિદ્યાર્થીઓ પોતાની વિવિધ કાર્યશૈલીથી પોતાનું કૌશલ્ય ઉજાગર કર્યું હતું.

રોઝરી ફેસ્ટમાં ૧૫૦ થી વધુ પ્રોજેક્ટ હતા અને જેમાં ૭૦૦ થી વધારે વિદ્યાર્થીએ ભાગ લીધો હતો. આ અવસરે શાળામાં ભણતા વિદ્યાર્થીઓ કે જેઓએ ઉત્કૃષ્ટ અને ઉત્તમ પરિણામ મેળવેલ હતા તેઓને સ્કોલરશિપ પણ આપી હતી.૭૪ વિદ્યાર્થીને સન્માનિત કર્યા હતા.રોઝરી ફેસ્ટમાં જિલ્લા શિક્ષણાધિકારી કૈલાએ વિદ્યાર્થીઓની કૃતિઓ નિહાળી તેમને પ્રોત્સાહિત કર્યા હતા.

# અમરેલીના લાપાળિયા ગામમાં ભરશિયાળે પીવાના પાણીની સમસ્યા

(મિલાપ રૂપારેલીયા)

અમરેલી, તા.૧૦

અમરેલીના લાપાળિયા ગામેપાણી પુરવઠા બોર્ડ દ્વારા અગાઉ શેત્રુંજી નદીના કૂવામાંથી સીધું જોડાણ હતું તેના બદલે પાણીનું જોડાણ વાયા સોનારીયા ગામ થઈને અપાતા પુરતા ફોર્સથી ન મળવાના કારણે અનેક ઘરોમાં ભરશિયાળે લોકો તરસ્યા છે. આ અંગે લાપાળિયા વિકાસ સમિતિ દ્વારા પાણી પુરવઠા વિભાગ તથા નાયબ મુખ્ય દંડકને કરવામાં આવેલી ધગધગતી રજૂઆતમાં જણાવાયું છે કે, લોકોને સુવિધા આપવાનું તો ઠીક પણ લાપાળિયા ગામમાં પાણીની જે સુવિધા હતી તે પણ છીનવી લેવામાં આવી છે.

### લાપાળિયા વિકાસ સમિતિ દ્વારા ધગધગતી રજૂઆત

આ ગામને મોટા ગોખરવાળા જુથ પાણી પુરવઠા યોજનામાંથી પાણી મળે છે. અગાઉ ગોખરવાળા શેત્રુંજી નદીના કૂવામાંથી સીધું જ જોડાણ લાપાળિયા આવતું હતું અને ત્યાંથી વાયા સોનારીયા જતું હતું. તેના બદલે પાણી પુરવઠા બોર્ડના અધિકારીઓ દ્વારા પાણીનું સીધું જોડાણ રદ કરીને વાયા સોનારીયા થઈને લાપાળિયાને જોડાણ અપાતું હોવાથી વચ્ચે બગાડ થતાં પુરતા ફોર્સથી પાણી મળતું નથી અને ગામમાં મોટાભાગનાં ઘર સુધી પીવાનું પાણી પહોંચતું બંધ થઈ ગયું છે.

શિયાળામાં પણ પીવાના પાણી માટે લોકોને વલખા મારવા પડે છે. તંત્ર દ્વારા તાત્કાલીક ધોરણે આ ગામને જે રીતે અગાઉ સીધું જોડાણ હતું તે ફરીથી સ્થાપિત કરવા અને તઘલઘી નિર્ણયો લઈને લોકોને જે સુવિધા મળતી હતી તે પાછી છીનવાય તે પ્રકારની કાર્યવાહી ન કરવા માટે માંગણી કરવામાં આવી છે. આ મુદ્દે નાયબ દંડક દ્વારા યોગ્ય કરવાની ખાતરી આપવામાં આવી હતી.

# વોર્ડ નં.૧માં કોમ્યુનિટી હોલ બનાવવા સ્ટેન્ડિંગ કમિટીમાં મંજૂર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૦

વોર્ડ નં.૧માં સંતોષ પાર્ક મેઈન રોડ પર અદ્યતન અને આધુનિક સુવિધાસભર કોમ્યુનિટી હોલ બનાવવાના કામને સ્ટેન્ડિંગ કમિટીમાં સ્ટે.કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ દ્વારા કુલ રૂ.૧૨.૦૮ કરોડના કાર્યો સ્ટેન્ડિંગ કમિટીમાં મંજૂર કરતા વોર્ડ નં.૧ ના તમામ કોર્પોરેટરો દ્વારા તેઓનો આભાર વ્યકત કરેલ.



મેયર તથા સ્ટે.ચેરમેનનો આભાર માનતા વોર્ડના કોર્પોરેટરો

વોર્ડ નં.૧ના કોર્પોરેટરઓએ જણાવેલ કે, શહેરમાં વોર્ડ નં.૧માં સંતોષ પાર્ક મેઈન રોડ પર કોમ્યુનિટી હોલ બનાવવાના આ કામમાં ગ્રાઉન્ડ ફ્લોરમાં પાર્કિંગ, ફર્સ્ટ ફ્લોરમાં કોમ્યુનિટી હોલ, ડાઈનીંગ હોલ, કિચન, સ્ટોર, એટેચ ટોઈલેટ સાથે રૂમની સુવિધા તથા સેકન્ડ ફ્લોરમાં કોમ્યુનિટી હોલ, ડાઈનીંગ હોલ, કિચન, સ્ટોર, એટેચ ટોઈલેટ સાથે રૂમની સુવિધા(એ.સી.) સાથે કુલ ૫૧૦૫,૦૦ ચો.મી. આર.સી.સી. ફ્રેમ સ્ટ્રકચરનું બાંધકામ કરવાનો સમાવેશ થયેલ છે. જેના અનુસંધાને મ્યુનિસિપલ કમિશનરએ સ્થાયિ સમિતિમાં દરખાસ્ત રજુ કરેલ. આજ રોજ સ્ટેન્ડિંગ કમિટીની મિટિંગમાં વોર્ડ નં.૧ની આ દરખાસ્ત મંજૂર થતાં ધારાસભ્ય રાજકોટ ગ્રામ્ય તથા ગુજરાત રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારિતા, મહિલા અને બાળકલ્યાણ વિભાગના કેબિનેટ મંત્રી તથા વોર્ડ નં.૧ના કોર્પોરેટર ભાનુબેન બાબરીયા તથા ડ્રેનેજ સમિતિ ચેરમેન હિરેનભાઈ ખીમાણીયા, કોર્પોરેટર તથા સ્ટેન્ડિંગ કમિટી સભ્ય ડો.અલ્પેશભાઈ મોરજરીયા તેમજ દુર્ગાબા જાડેજા એ રાજકોટ શહેરના મેયર ડો. પ્રદીપભાઈ ડવ તથા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ નો આભાર વ્યકત કરેલ.

# અમરેલી રોડ તથા આટકોટ-જસદણ રોડને સાંકળતા બ્રિજ મંજૂરઃ ૧૦ કરોડ ફાળવાયા

### વર્ષો જુનો પ્રશ્ન હલ કરતા મંત્રી કુંવરજી બાવળીયા



જસદણ, તા.૧૦

કોટડાસાંગાણી તાલુકાના સતાપર અને જસદણ તાલુકાના વેરાવળ ગામ વચ્ચે આવતો બે કિલોમીટર રોડ તથા ભાદર નદી ઉપરનો (પુલ) બ્રિજ દસ કરોડ રૂપિયાના ખર્ચે મંજૂર થયેલ છે. રાજકોટ અને અમરેલી બે જીલ્લા તથા ઘણા તાલુકા તેમજ અમરેલી રોડ તથા આટકોટ જસદણ રોડને સાંકળતા આ અતિ મહત્વના બ્રિજ માટે કેબીનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાના સફળ પ્રયત્નોથી આ કામ મંજુર થઈ રૂા. ૧૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. આ વિસ્તારના મહત્વના ગણાતા આ બ્રિજ તથા રસ્તા માટેની ખાસ જરૂરીયાત માટે કોટડા સાંગાણી તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ રાયધનભાઈ મહેતાએ છેલ્લા દોઢ દાયકાથી કુંવરજીભાઈ બાવળીયાની આગેવાનીમાં તાલુકા ભાજપ પૂર્વ પ્રમુખ તથા હાલના તાલુકા પંચાયત પ્રમુખ સીંધવ તેમજ રાજકોટ-૪ ના પૂર્વ ધારાસભ્ય વગેરેને સાથે લઈ ગાંધીનગર ખાતે પૂર્વ નાણાંમંત્રી નિતીનભાઈ પટેલ તેમજ વિવિધ વિભાગોના મંત્રીઓ સહિત ઉચ્ચસ્તરીય રજૂઆતો કરવા સાથે સતત અભિયાન ચલાવ્યું હતું. કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ પોતાનો કાર્યભાળ સંભાળ્યાના બીજા જ દિવસે ઉપરોકત મુદો હાથ પર લઈ નજીકની કેબિનેટમાં નિર્ણય કરાવી આ કામ માટે ૧૦ કરોડ રૂપિયા મંજુર કરાવ્યા છે.

ભાદર નદીનો આ (પુલ) બ્રિજ ન હોવાથી કોટડાસાંગાણીથી અમરેલી તરફ જવા તથા આટકોટ હાઈ-વે તરફ જવાનો ટૂંકો રસ્તો ચોમાસાના ચારથી છ માસ બંધ રહેતો એસ.ટી. બસો પણ બંધ રહેતી.

અમરેલી જીલ્લા મથકથી રાજકોટ જીલ્લા મથક તથા જસદણ તાલુકાના મેઘપર- મઢડા- ઝુંડાળા-સાણથલી-ડોડીયાળા-દોલતપર-વેરાવળ તથા બાબરા તાલુકાના ગામોને તેમજ કોટડાસાંગાણી તાલુકાના સતાપર-શીશક- રામપરમ- રામોદ- શાંઢવાયા-બગદડીયા- દેતડીયા-કરમાળપીપળીયા - વાદીપરા -નાનામાંડવા-મોટામાંડવા-વડીયા- માણેકવાડા- રાજગઢ વગેરે તથા ગોંડલ તાલુકાના ખાંડાધાર-પાંચીયાવદર-વાછરા-ઘોઘાવદર-બંધિયા વગેરે ગામોને પરસ્પર ખૂબ ટુંકા અંતરનો રસ્તો મળશે. આ તકે રાયધનભાઈ મહેતા તથા કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવરીયા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો ખૂબ ખૂબ આભાર વ્યકત કરે છે.

# 'માં વાત્સલ્ય કાર્ડ' ધરાવતા કુટુંબોને આવકના દાખલા અપડેટ કરાવવા અનુરોધ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૦

રાજ્ય સરકાર દ્વારા અમલી બનાવાયેલી 'માં વાત્સલ્ય કાર્ડ' યોજના અંતર્ગત જરૂરિયાતમંદ પરિવારોને પ્રાપ્ય કરાવવામાં આવતી આરોગ્ય લક્ષી સારવાર હવેથી પી.એમ.જે.એ.વાય અંતર્ગત સમાવિષ્ટ કરવામાં આવી છે.



'માં વાત્સલ્ય કાર્ડ' ઇશ્યુ કરેલા કુટુંબોના આવકના દાખલાની સમય મર્યાદા આગામી ૩૧ માર્ચ ૨૦૨૩ ના રોજ પૂર્ણ થવાની છે,ત્યારે આ તમામ કાર્ડને સત્વરે આયુષ્માન કાર્ડમાં તબદિલ કરાવવા 'માં વાત્સલ્ય કાર્ડ' યોજના અંતર્ગતના કુટુંબોને તાત્કાલિક આવકના દાખલા અપડેટ કરાવવા જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા અપીલ કરવામાં આવે છે. જેના માટે સંબંધિત વ્યકિતઓએ આવકના દાખલા સાથે આયુષ્માન કાર્ડ કઢાવવા માટે આધાર કાર્ડ, રાશનકાર્ડ જેવા જરૂરી દસ્તાવેજો લઈને લાભાર્થીઓએ નોંધણીના સેન્ટર પર આવવાનું રહેશે.

# રાજકોટ ક્રાઈમ

## ઘર પાસે ગાળો બોલવાની ના પાડતા યુવાન પર હુમલો

રાજકોટઃ શહેરના રેલનગરમાં રહેતા અને ફ્રુટનો વેપાર કરતા મહેશભાઈ સુદામાભાઈ નાવાણી (ઉ.વ.૨૬) ગત સાંજે ઘર પાસે હતો, ત્યારે સુરો કોળી સહિત ત્રણ શખ્સો ઘર પાસે ગાળો બોલતા હોય તેને ગાળો બોલવાની ના પાડતા ગુપ્તી જેવું હથિયાર માથામાં માર્યું હતું. ત્યારે મારા ભાઈએ બચાવવા જતા તેને પણ ઈજા થઇ હતી, દેકારો થતા લોકો એકઠા થઇ જતા ત્રણેય ભાગી ગયા હતા. આ અંગે પ્ર.નગર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

## ઓફિસમાં જુગાર રમતા ૬ શખ્સો ઝડપાયા

રાજકોટઃ શહેરમાં દારૂ જુગારના કેસો કરવાની સુચના અન્વયે ડીસીબી પીએસઆઈ એન.ડી.ડામોર અને ટીમે બાતમી આધારે કાલાવડ રોડ પર શિવ આર્કેડ બિલ્ડીંગમાં ત્રીજા માળે ઓફિસમાં દરોડો પાડી જુગાર રમતા ગંભીરસિંહ આહાભાઈ ચુડાસમા, પુનરાજભાઈ દેવજીભાઈ પીંગુલ, વાલજીભાઈ મુળજીભાઈ ચાવડા, અશ્વિનભાઈ રામજીભાઈ હડિયા, શૈલેશભાઈ નારણભાઈ મણવર અને કિશોરભાઈ વલ્લભભાઈ કાથરોટીયાને ઝડપી લઇ ૮૦,૩૦૦ કબ્જે કર્યા છે.

## હલેન્ડા પાસે આઈસરની ઠોકરે પ્રૌઢનું મોત

રાજકોટઃ બોટાદના રાણપુર ખાતે રહેતા અને કારખાનામાં મજુરી કરતા સિદ્ધાર્થગીરી રાજેશગીરી ગોસ્વામી (ઉ.વ.૨૨) અને ૬૦ વર્ષીય દાદી વનીતાબેન હસમુખગીરી ગોસ્વામી સાથે ત્રણેક દિવસ પૂર્વે સાત હનુમાન પાસે રહેતા કાકાના ઘરે આવ્યા હતા. ગત બપોરે બાઈક લઈને બંને પરત જતા હતા ત્યારે ખારચિયા-હલેન્ડા પાસે અજાણ્યા આઈસરના ચાલકે પાછળથી ઠોકરે લેતા બંને ફંગોળાઈ ગયા હતા. જેમાં દાદીનું મોત નીપજ્યું હતું. આ અંગે આજીડેમ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

## બીમાર પત્નીની પીડા નહીં જોઈ શકતા પતિએ કર્યો આપઘાત

રાજકોટઃ રૈયાધારમાં રહેતા દાનાભાઈ જીણાભાઇ ધોળકિયા (ઉ.વ.૩૦) એ પંખામાં સાડી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લેતા યુનિ.પોલીસ મથકના પીએસઆઈ એમ.આર.ઝાલા સહિતના સ્ટાફે તપાસ કરતા મૃતક ત્રણ ભાઈ એક બહેનમાં નાના અને પત્નીને કિડનીની બીમારી હોય તે પીડા જોઈ નહીં શકતા આ પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે.

## રેલનગરમાં યુવાને ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

રાજકોટઃ રેલનગરમાં શિવમ પાર્કમાં રહેતા વિનોદભાઈ કાળુભાઈ ઉકેળીયા (ઉ.વ.૩૫) નામના યુવાને ઘરે પંખામાં ચુંદડી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લેતા પ્ર.નગર પોલીસ મથકના પીએસઆઈ ભગોરા સહિતના સ્ટાફે દોડી જઈ આપઘાતનું કારણ જાણવા તપાસ હાથ ધરી છે.

## કોઠારિયા ત્રણ મંદિરમાં ચોરી કરનાર સગીરની ધરપકડ

રાજકોટઃ કોઠારિયા ગામે આવેલ ત્રણ મંદિરની દાનપેટીમાંથી ૧૫ હજાર રોકડા તથા રાણી છાપ સિક્કા સહિતની મતા ચોરી કરી જતા આ અંગે કુવાડવા રોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. જેમાં પીઆઈ કે.એમ.ચૌધરી સહિતના સ્ટાફે ચોરી કરનાર સગીરને માલીયાસણ ચોકડી પાસેથી દબોચી લઇ તમામ મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# વેરા વસુલાત શાખા દ્વારા ૧૬ મિલ્કતો સીલ

## ૫૯ મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ આપતા રૂા.૪૪.૫૭ લાખ રીકવરી



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૦: રાજકોટ મહાનગરપાલિકા વેરા વસુલાત શાખા દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩ની રીકવરી ઝુંબેશ અંતર્ગત આજે કુલ ૧૬ મિલ્કતોને સીલ કરેલ તથા ૫૯ મિલ્કતોને ટાંચ જપ્ત નોટીસ આપતા રૂા.૪૪.૫૭ લાખ રીકવરી કરેલ.

વર્ષ ૨૦૨૨-૨૩ ની રીકવરી ઝુંબેશ અંતર્ગત નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવી: વોર્ડ નં-૧ માં ગ્રાંધીગ્રામ માં આવેલ બાલમુકુંદ ટ્રેડર્સ ના યુનિટને ટાંચ જપ્તી નોટીસ આપતા રીકવરી રૂ.૧.૦૦ લાખ રૈયાધાર વિસ્તારમાં રૈયાધાર ટાઉનશીપ ના પાણી ચાજીર્સના બાકી માંગણા સામે રીકવરી રૂ.૧ લાખ ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલ જાસલ કોમ્પ્લેક્ષ માં ૧૧-યુનિટને બાકી માંગણા સામે ટાંચ જપ્તી નોટીસ આપેલ. વોર્ડ નં-૨ માં મારૂતીનગર માં આવેલ ૪-યુનિટને ટાંચ જપ્તી નોટીસ આપતા રીકવરી રૂ.૧.૧૨ લાખ વોર્ડ નં- ૪ માં મોરબી રોડ પર આવેલ ૪-યુનિટને બાકી માંગણા સામે ટાંચ જપ્તી નોટીસ આપતા રીકવરી રૂ.૭૬,૦૦૦ સદગુરૂધામ લોઅર લેવલ ગ્રા.ફ્લોર શોપ નં.એ/૧ ના યુનિટને બાકી માંગણા સામે સીલ. સાંઇનાથ ઇન્ડ. એરીયામાં ૧-યુનિટને બાકી માંગણા સામે સીલ કરતા રીકવરી રૂ.૧.૧૩ લાખ સાંઇનાથ ઇન્ડ. એરીયામાં ૩-યુનિટને બાકી માંગણા સામે ટાંચ જપ્તીની નોટીસ આપેલ. વોર્ડ નં- ૫ માં આર.ટી.ઓ ઓફિસ પાછળ ના વિસ્તારમાં ૪-યુનિટને ટાંચ જપ્તીની નોટીસ આપેલ. વોર્ડ નં-૬ માં સંત કબીર રોડ ચંપક નગર માં શોપ નં.૨ યુનિટને ટાંચ જપ્તી નોટીસ આપતા રીકવરી રૂ.૧.૧૩ લાખ સંસ્કાર ઇન્ડ. એરીયામાં ૧-યુનિટને બાકી માંગણા સામે સીલ કરેલ.વોર્ડ નં-૭ માં રજપૂત પરા માં આવેલ બિઝનેશ પોઇન્ટમાં ૧-યુનિટને સીલ કરતા રીકવરી રૂ.૫૩,૦૦૦ રજપૂત પરા માં આવેલ સુરભી કોમ્પ્લેક્ષમાં ૧-યુનિટને સીલ કરતા રીકવરી રૂ.૭૬,૦૦૦ ઢેબર રોડ પર આવેલ રવિરાજ કોમ્પ્લેક્ષ માં ૬-યુનિટ સીલ કરેલ. વિજય પ્લોટમાં આવેલ રામ ચેમ્બર માં ૨-યુનિટને સીલ કરેલ. ભુતખાન ચોક માં આવેલ ૧-યુનિટને સીલની કાર્યવાહી કરતા રીકવરી રૂ.૮૦,૦૦૦ કરેલ. વોર્ડ નં-૧૦ માં રૈયા રોડ પર આવેલ કાકા શોપીંગ સેન્ટર ૪-યુનિટના બાકી માંગણા સામે ટાંચ જપ્તી નોટીસ આપેલ તથા રીકવરી રૂ.૩.૪૪ લાખ સત્યસાંઇ રોડ પર આવેલ કાકા કોપર માં ૩૦૨ ના યુનિટને નોટીસ આપતા રીકવરી રૂ.૧.૧૦ લાખ વોર્ડ નં-૧૪ માં વૈદ-વાડી માં અનમોલ એપાર્ટમેન્ટમાં ૧-યુનિટને બાકી માંગણા સામે ટાંચ જપ્તી નોટીસ આપતા રીકવરી રૂ.૧.૦૮ લાખ બાલ કિશોર વિદ્યાલય ના બાકી માંગણા સામે ટાંચ જપ્તી નોટીસ આપેલ. વોર્ડ નં- ૧૩ માં ઉમાકાંત પંડિત ઇન્ડ. એરીયામાં ૯-યુનિટને બાકી માંગણા સામે ટાંચ જપ્તી નોટીસ આપેલ તથા રીકવરી રૂ.૧.૨૬ લાખ વોર્ડ નં-૧૫ સહજાનંદ ઇન્ડ. એરીયામાં ૨- યુનિટને યુનિટને બાકી માંગણા સામે ટાંચ જપ્તી નોટીસ આપેલ. વોર્ડ નં- ૧૬ માં વિવેકાનંદ નગર ૨-બાકી માંગણા સામે ટાંચ જપ્તી નોટીસ આપેલ તથા રીકવરી રૂ.૧.૨૦ લાખ વોર્ડ નં-૧૮માં કોઠારીયા રીંગ રોડ પર આવેલ અંશ એન્ટરપ્રાઇઝ ના બાકી માંગણા સામે ટાંચ જપ્તી નોટીસ આપતા રીકવરી રૂ.૫૦,૦૦૦ બાલાજી ઇન્ડ. એરીયામાં ૩-યુનિટને બાકી માંગણા સામે ટાંચ જપ્તી નોટીસ આપતા રીકવરી રૂ.૧.૭૬ લાખ વિરાણી અઘાટ ઇન્ડ. એરીયામાં ૩-યુનિટને બાકી માંગણા સામે ટાંચ જપ્તી નોટીસ આપતા રીકવરી રૂ.૬.૬૦ લાખ. ધરમનગર માં આવેલ દેવ સિરામીક ના બાકી માંગણા સામે રીકવરી રૂ.૧.૦૬ લાખ કરેલ. આ કામગીરી આસી. મેનેજર રાજીવ ગામેતી, મયુર ખીમસુરીયા, વિવેક મહેતા, નિરજ વ્યાસ તથા તમામ વોર્ડ ઓફીસર, તમામ વોર્ડ ટેક્ષ ઇન્સપેક્ટરઓ દ્વારા આસી.કમિશનર સમીર ધડુક તથા વી.એમ.પ્રજાપતિ ના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી.

# કોટડાસાંગાણીના અનીડા (વાછરા) ગામે ખાનગી કંપનીની પવન ચકકીનો વિરોધ

## ખેડૂતોને પારાવાર નુકશાની થવાની ગ્રામજનોએ કલેકટરને આવેદન પાઠવી વ્યકત કરી દહેશત



(તસવીરઃ પંકજ ડાભી)

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૦

અનીડા (વાછરા) ગામના ગ્રામજનો દ્વારા જિલ્લા કલેકટરને સંબોધી અપાવેલ આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર ગામમાં એક ખાનગી કંપની દ્વારા નાંખવામાં આવેલ પવનચકકી સામે વિરોધ ઉઠાવ્યો હતો.

અરજદારોએ વધુમાં જણાવ્યું હતું કે, અમો અરજદારોના ખેતીની જમીનના શેઢે સુઝલોન કંપનીની પવન ચક્કીઓ સરકારી ખરાબામાં નાખવા માટે કામ ચાલુ કરેલ છે. જે કામ માટે ભારેખમ વાહનો ટ્રક, હિટાચી જે. સી. બી. જેવા ભારેખમ વાહનો લઈને અમારી જમીનોમાં અમોને ખેડૂતોની મંજુરી વગર પ્રવેશ કરીને પવનચક્કી ઉભી કરવાનું કામ કાજ ચાલુ કરેલ છે.

સદરહુ પવનચક્કીના કામ બાબતે અમો અરજદારને આજરોજ ખબર પડતા અમો અમારા ગામની સિમામાં સવારે ગયેલ ત્યારે અમારા ગામના ખેડૂત ખાતેદાર સુભાભાઈ ભખુભાઈ મણવરના ખેતરનો શેઢો તોડી તેમના ખેતમાં ત્રણથી ચાર જગ્યાએ આડા અવળા રસ્તા કરી નાખેલ છે.

જે બાબતે અમોએ પવનચક્કીના લાગત-વળગતા અધિકારીઓને ફોન કરીને બોલાવેલ અને તેમની સાથે વાત કરતા અમોએ કહેલ કે, અમારા ગામના ખેડૂતોની મંજુરી વગર તમો તમારી ગામની જમીનોમાં પ્રવેશ કરેલ છે. તમો અમારી જમીનોને મોટું નુકશાન કરો છો. તો આ કામ તાત્કાલી બંધ કરો આમારા ગામની સીમમાંઅમારે પવનચક્કી નાખવા દેવી નથી ત્યારે સુઝલોન કંપનીનના અધિકારીઓએ ઓમને એલફેલ બોલવા લાગે તેમજ તમારે જયાં જવું હોય ત્યાં જાવ તમારી મિલ્કતોન ઉપયોગ કરવમાં આવશે અને તમો અમારૂ કંઈ બગાડી શકશો નહિ. તેવી ધમકી મારવા લાગેલ તેમજ તમારી સિમમાં આમરી પવનચક્કીઓની કામ પૂર્ણ ન થાય ત્યાં સુધી તમો ફરકશો નહીં. તમારા જીવનું જોખમ છે તેમ સમજીને આવજો.

જેથી અરજદારોની અરજ છે કે, સુઝલોન કંપનીને અમો અરજદારોના ખેતરમાંથી તેમજ અમારા ખેતરના લગોલગ શેઢા પાસે ઉભી કરવામાં આવે તો અમો ખેડૂતોને તેમજ આજુબાજુના લાગતા તમામ ખેડૂતોને પારવાર નુકશાન થાય તેવી અમોને દહેશત છે.

## યુવા ઉદ્યોગપતિ વિમલભાઇ ચાવડાનો આજે જન્મદિવસ



રાજકોટ: યુવા ઉદ્યોગપતિ વિમલભાઇ ચાવડાનો આજે જન્મદિવસ છે. તેમના જન્મદિવસ સગા-સંબંધી, મિત્ર વર્તુળ તરફથી શુભેચ્છાનો ધોધ વરસી રહ્યો છે. 'સૌરાષ્ટ્ર ક્રાંતી' કાર્યાલય તરફથી યુવા ઉદ્યોગપતિ વિમલભાઇ ચાવડાને જન્મદિવસની ખૂબ ખૂબ શુભકામનાઓ...

## યશ પેઢલીયાનો આજે જન્મદિવસ



રાજકોટ: યશ પેઢલીયાનો આજે જન્મદિવસ છે. યશ પેઢલીયા આજે પોતાના જીવનના યશસ્વી ૨૧ વર્ષ પૂર્ણ કરી ૨૨ માં વર્ષમાં મંગલ પ્રવેશ કરતા મિત્રો વર્તુળ, સગા સ્નેહી, નેતાઓ દ્વારા તેમના મો.૯૬૬૨૩ ૨૪૬૭૬ પર શુભેચ્છાઓનો ધોધ વરસી રહ્યો છે. 'સૌરાષ્ટ્ર ક્રાંતી' પરિવાર તરફથી યશ પેઢલીયાને જન્મદિવસની ખૂબ-ખૂબ શુભકામનાઓ...




# જીવો જીવવા દો અને જીવાડોનું જીવદયા અભિયાન સાકાર થશે : કલેકટર અરૂણ મહેશ બાબુ



**રાજકોટ જિલ્લામાં પક્ષીઓ માટે સારવાર કેન્દ્રો ઉભા કરી ઇજા થયેલા પક્ષીને તાત્કાલીક સારવાર આપવાનું આયોજન**

**રાજયભરમાં ૭૦૦ થી વુધ પક્ષી નિદાન કેન્દ્રો ૬૨૦ થી વધુ તબીબો ૬ હજારથી વધુ સેવાભાવી સ્વયં સેવકો 'કરૂણા અભિયાન'માં થશે સહભાગી**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૦

કરૂણા અભિયાન અંગે જિલ્લા કલેકટર દ્વારા પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી. આ પ્રેસ કોન્ફરન્સમાં જિલ્લા કલેકટર દ્વારા ઉપસ્થિત અધિકારીઓને રાજ્ય સરકાર અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરુણા અભિયાન અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

ઉતરાયણ પર પતંગના દોરાથી ઘવાયેલા પક્ષીઓને બચાવવા જીવદયા પ્રેમી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલની પ્રેરણાથી સમગ્ર રાજયમાં તા. ૧૦ મી થી તા. ૨૦ જાન્યુઆરી સુધી સમગ્ર રાજયમાં યોજાશે.

કરૂણા અભિયાન અંતર્ગત સમગ્ર રાજકોટ જિલ્લામાં પક્ષીઓ માટે સારવાર કેન્દ્રો ઉભા કરી ઇજા થયેલા પક્ષીને તાત્કાલીક સારવાર આપવાનું આયોજન કરવામાં આવશે.

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલની પ્રેરણા અને માર્ગદર્શનમાં જીવો જીવવા દો અને જીવાડોનો જીવદયા અભિયાન સાકાર થશે.

રાજયભરમાં ૭૦૦ થી વુધ પક્ષી નિદાન કેન્દ્રો ૬૨૦ થી વધુ તબીબો ૬ હજારથી વધુ સેવાભાવી સ્વયં સેવકો કરૂણા અભિયાનમાં સહભાગી થશે.

પક્ષી સારવાર કેન્દ્રોની વિગતો વોટસ એપ અને વેબસાઇટ દ્વારા મેળવી શકાશે.જિલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુ દ્વારા વહેલી સવારે ૯ વાગ્યા પહેલા તથા સાંજે ૫ વાગ્યા પછી પતંગ ન ઉડાડી તેમજ પ્રતિબંધિત ચાઇનીઝ દોરા, કાચ પાયેલા પાકા દોરા, તુક્કલનો ઉપયોગ ન કરી પક્ષીઓના જીવન બચાવવા લાગણી સભર અપીલ કરાઇ હતી. ઘવાયેલા પક્ષીઓની જરૂરી અદ્યતન સારવાર જેવી કે સોનોગ્રાફી, પેથોલોજી તેમજ જરૂરી ઓપરેશન પણ કરાશે. તાર પર, ઝાડ પર લટકતા દોરાઓ હટાવી લેવા વિનંતી કરાઇ હતી.

કરૂણા અભિયાન - ૨૦૨૩ અંતર્ગત પક્ષી નિદાન કેન્દ્રની માહિતી માટે વોટસએપ મો..નં- ૮૩૨૦૦ ૦૨૦૦૦ નંબર **'Karuna'** મેસેજ લખી **https://bit.ly/karunaabhiyan** ઉપર કલીક કરવાથી જિલ્લાવાર પક્ષી સારવાર કેન્દ્રોની વિગતો મળી શકશે. કરૂણા અભિયાન - ૨૦૨૩ અંતર્ગત રાજકોટ શહેરમાં ૧૫ થી વધુ સારવાર કેન્દ્રો તથા રાજકોટ જિલ્લામાં તમામ તાલુકાઓની રેન્જ કચેરીએ કરૂણા અભિયાન - ૨૦૨૩ અંતર્ગત તાતકલિક સારવાર મળી રહે તે માટે કંટ્રોલરૂમ શરૂ રહેશે. તાત્કાલીક સારવાર રેસ્કયુ માટે કરૂણા એમ્બ્યુલન્સદ-૧૯૬૨, ૯૮૯૮૪ ૯૯૯૫૪, ૯૮૯૮૦ ૧૯૦૫૯, ડિસ્ટ્રીકટ ડિઝાસ્ટર કંટ્રોલરૂમ નં. ૦૨૮૧ - ૨૪૭૧૫૭૩લ ટોલ ફી નં. ૧૦૭૭ પર સંપર્ક કરવા અનુરોધ કરાયો હતો.

## પૂ.દયાનંદગીરી બાપુને શીશ ઝુકાવી આર્શીવાદ લેતા ભાજપ અગ્રણી હરેશ જોષી



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૦

મોરબી જીલ્લાના ચરાડવા ખાતે લાખો લોકોની આસ્થાના કેન્દ્ર મહાકાળી ધામ ખાતે ૧૩૧ વર્ષીય પૂ. દયાનંદગીરી બાપુના ચરણમાં શીશ ઝુકાવી શહેર ભાજપ કાર્યાલય મંત્રી હરેશભાઇ જોષીએ ધન્યાતા પ્રાપ્ત કરી હતી. આ તકે હરેશભાઇ જોષીએ પૂ.દયાનંદગીરી બાપુ સાથે સત્સંગ અને કિર્તનરૂપી પ્રસાદ ગ્રહણ કરેલ હતો. આ તકે હરેશભાઇ જોષી સાથે ભાજપ અગ્રણી શૈલેષભાઇ પરસાણા પણ સાથે રહ્યા હતા.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

## કાનપુરમાં છેલ્લા એક અઠવાડિયામાં હાર્ટ એટેકથી ૧૦૮ લોકો મૃત્યુ પામ્યા

પામ્યા હતા. જાહેર કરાયેલા આંકડા મુજબ, હોસ્પિટલમાં સારવાર દરમિયાન ૫૧ દર્દીઓના મોત થયા હતા અને ૫૭ દર્દીઓના મોત હોસ્પિટલ પહોંચતા પહેલા જ થઈ ગયા હતા. કાનપુરની હાર્ટ ડિસીઝ ઇન્સ્ટિટયૂટના ડાયરેક્ટર ડૉ.વિનય ક્રિષ્નાએ જણાવ્યું કે સંસ્થાના ડૉક્ટરો અને સ્ટાફ સતત દર્દીઓની કાળજી અને સારવાર કરી રહ્યા છે. એટલા માટે પ્રયાસો કરવામાં આવ્યા છે અને હેલ્પલાઇન નંબર જારી કરવામાં આવ્યો છે જેથી કરીને જીવ બચાવી શકાય. કાર્ડિયોલોજીના ડાયરેક્ટર પ્રોફેસર વિનય ક્રિષ્ના કહે છે કે આ શિયાળો હૃદય અને દિમાગ બંનેને અસર કરે છે. ઠંડીને કારણે નસોમાં લોહી ગંઠાઈ જાય છે, જેના કારણે બ્લડ પ્રેશર વધી જાય છે અને લોકોને એટેક આવે છે. કાર્ડિયોલોજી વિભાગના આંકડા મુજબ ગુરૂવારે ૨૩ લોકોના હાર્ટ એટેકથી મોત થયા છે. તે જ સમયે, ઠંડીના કારણે કાનપુરમાં સ્થિતિ સતત ખરાબ થઈ રહી છે. કડકડતી ઠંડીમાં લોકો ઘરની બહાર નીકળી રહ્યા નથી. ડૉ. વિનય કૃષ્ણ કહે છે કે હૃદય અને મગજને લગતી બીમારીઓથી બચવા માટે શરદીથી બચાવું ખૂબ જ જરૂરી છે. જરૂરી હોય તો જ ઘરની બહાર નીકળો. આ સમયે મોર્નિંગ વોક સંપૂર્ણપણે બંધ કરો. ખોરાકમાં લીલા શાકભાજી અને પૌષ્ટિક ખોરાક લો. તેમજ ઘરની અંદર કસરત અને યોગ કરો. હૃદય, મગજ અથવા છાતીમાં દુખાવો થાય તો તરત જ ડૉક્ટરની સલાહ લો.(૯)

## દિલ્હીમાં સૌથી લાંબા કોલ્ડવેવનો રેકોર્ડ તૂટયો

કરવામાં આવી છે. એકાદ સપ્તાહથી ચાલી રહેલી શીતલહેર વચ્ચે હવામાન વિભાગ દ્વારા આવતીકાલથી કાતિલ ઠંડીમાં આંશિક રાહત મળવાની આગાહી કરી છે. હવામાન ખાતાના વડા ડો.મૃત્યુંજય મહાપાત્રાએ કહ્યું કે આજે નવુ વેસ્ટર્ન ડીસ્ટર્બન્સ બની રહ્યું છે તેની અસરે ધીમે-ધીમે તાપમાન વધશે અને ઠંડીમાં રાહત મળશે. દરમ્યાન દિલ્હીની શીતલહેરે છેલ્લા ૧૦ વર્ષનો રેકોર્ડ તોડયો છે. સળંગ છ દિવસ કોલ્ડવેવની સ્થિતિ દસ વર્ષ બાદ નોંધાઈ હતી.

હવામાન વિભાગના રિપોર્ટ પ્રમાણે નવા કેલેન્ડર વર્ષથી શરૂ થયેલી ઠંડી વધુને વધુ કાતિલ બનતી રહી હતી. આજે સળંગ છઠ્ઠા દિવસે કોલ્ડવેવની હાલત હતી. ૨૦૧૩ પછીનો આ સૌથી લાંબો કોલ્ડવેવ રહ્યો છે. ૨૦૧૩માં સળંગ પાંચ દિવસ શીતલહેર ચાલી હતી. બીજી તરફ ગાઢ ધુમ્મસમાં પણ કોઈ રાહત નથી અને સળંગ ૨૦ કલાક સુધી ધુમ્મસની સ્થિતિ રહી છે.(૯)

## રાજકોટમાં ખોખળદળ, વાવડી, મવડી અને મોટામવામાં ચેકીંગ

જેમાં ૧૧ કેવીના ૪ ફીડરો આવરી લેવામાં આવ્યા છે. આ ઉપરાંત ૬૮ ટીમોમાં ભૂજ-ભાવનગર સર્કલમાં ખાવડા, ભૂજ રૂરલ, મહુવા રૂરલ-૧, અને ૨, જેસર, બગદાણા તથા ૧૦ ગામડાઓનો સમાવેશ થાય છે. ભુજ અને ભાવનગર ડિવિઝન હેઠળ વિસ્તારોમાં વહેલી સવારથી વીજ ચેકીંગની દરોડા કામગીરી શરૂ કરવામાં આવી છે. ભુજ સર્કલ અંતર્ગત ખાળવા અને ભુજ રૂરલ સબ ડિવિઝન હેઠળ વિસ્તારમાં કુલ ૩૨ ટિમો જયારે ભાવનગર સર્કલ હેઠળ આવતા મહુવા રૂરલ ૧, મહુવા રૂરલ ૨ અને જેસર સબ ડિવિઝન હેઠળના વિસ્તારમાં કુલ ૩૬ ટિમો દ્વારા દરોડા કામગીરી હાથ ધરવામાં આવી છે.

## બજેટ પુર્વેની બેઠકોમાં જોડાતા વડાપ્રધાનઃ નિષ્ણાંતોને મળશે

વિકાસ દર ૭%થી ઓછો રહેવાનો અંદાજ છે અને તેની ગતિ વધારવાના પ્રયાસોની ચર્ચા થશે. મોદી સાથે આ બેઠકમાં નાણામંત્રી નિર્મલા સીતારામન પણ ઉપસ્થિત રહેશે.(૯)

## બિહારમાં વાન-ટ્રક વચ્ચે અકસ્માતઃ આઠના મોત

જણાવ્યું છે કે, ઓટો રિક્ષા ખેરિયા ગામથી કટિહાર જિલ્લા તરફ જઈ રહી હતી, તેની સાથે જ મૃતકો એક જ પરિવારના છે. તેમાંથી ૪ પુરુષ છે અને બે મહિલા છે. જેમના ઘટના સ્થળે જ મોત થઈ ગયા છે.

## હવે મોબાઈલ, લેપટોપ અને નોટબુક જેવા ઉપકરણો એક જ ચાર્જરથી થશે ચાર્જ

એન્ટીનાની સાથે ફ્રી-ટુ એર અર્થાત મફતમાં ઉપલબ્ધ ટીવી અને રેડીયો ચેનલ ગ્રાહકોને ઉપલબ્ધ કરી શકાશે.

ત્રીજુ સ્ટાન્ડર્ડ વિડીયો દેખરેખ પ્રણાલી (બીએસએસ) માટે છે. જે અંતર્ગત વીએસએચ સાથે સંબંધ બધા પાસાઓ માટે સ્ટાન્ડર્ડ તૈયાર કરવામાં આવ્યા છે. તેમાં કેમરા ઉપકરણો, ઈન્ટરનેટ, સીસ્ટમની જરૂરતો અને કેમેરા ઉપકરણોની છબી, ગુણવતા વગેરે સામેલ છે.

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

## રાજકોટમાં બોર્ડની પરીક્ષા ૧૦ ઝોનમાં

મોકલી આપી છે. હજુ પણ બોર્ડની પરિક્ષાના ફોર્મ ભરવાની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ફાઇનલ આકડો જાણવા મળશે. ધોરણ ૧૦ અને ૧૨ સાયન્સ અને કોમર્સના કુલ ૮૫ હજાર જેટલા સહિત વિદ્યાર્થી બોર્ડની પરીક્ષા આપશે.રાજકોટ જિલ્લામાં ૩૦૦ જેટલા બિલ્ડિંગમાં બોર્ડની પરીક્ષા લેવાનાર છે. જેમાં સીસીટીવી, બેઠક વ્યવસ્થા,અધિકારીઓ, શિક્ષકોની કામગીરી સહિતની જુદી જુદી બાબતોની સમીક્ષા કરી હતી. ધો.૧૨ ના વિદ્યાર્થીઓ માટે ફોર્મ ભરવાની તારીખ પૂર્ણ થઈ ગઈ છે જ્યારે જિલ્લામાં બાકીના પ્રવાહના ફોર્મ ભરવાનું ચાલુ છે ત્યારે રાજકોટમાં આગામી માર્ચ-૨૦૨૩ માં લેવાનારી બોર્ડની પરીક્ષામાં ૮૫ હજાર જેટલા વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા સહિતની જુદી જુદી તૈયારીઓ કરવામાં આવી રહી હોવાનું જાણવા મળી રહ્યું છે.

## પ્રોપર્ટી એક્સ્પો એન્ડ શોકેસમાં દેશના બાંધકામ નિષ્ણાંતોનો બિલ્ડરો સાથે વાર્તાલાપ






# ઘર સજાવટમાં લાઈટિંગનું ખાસ મહત્વ

## ઓછો વીજ વપરાશ થાય તેવી લાઈટો લગાવવા અપાઈ વિસ્તૃત જાણકારી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૦

પ્રોપર્ટી એકસ્પોમાં સોમવારે શ્રેણીબદ્ધ ભરચક કાર્યક્રમો યોજાયા હતા. જેના બે સેશન્સ યોજાયા હતા. આ દરમ્યાન ઈન્ટર એસોસિએશન ઓફ લાઈટિંગ એન્ડ ડિઝાઈનર્સનું સ્વાગત મોહનભાઈ કુંડારિયાએ કર્યું હતું. જેમાં ઈન્ટિરિયર ડિઝાઈનર સુમા ખાંડગી એ મનનીય સ્પીચ આપી હતી. આ તકે નિમિત ઝવેરીએ લાઈટિંગમાં પણ વિવિધ ડિઝાઈનિંગ અંગે લોકોની આંખો ચમકી જાય એવી જાણકારી આપી હતી કે, કોઈપણ સેલિબ્રેશન લાઈટિંગ વગર અધુરૂ હોય છે. ૨૦૧૨ થી ૨૦૨૦ સુધી અલગ અલગ જગ્યાએ પોતે કરેલા લાઈટિંગના પ્રોજેકટ વિશેની માહિતી ઉપસ્થિતોને આપી હતી. ખાસ કરીને જે તે સ્થાનને ધ્યાનમાં રાખીને લાઈટિંગનું આયોજન થતું હોય છે. જેનો પોઝિટિવ પ્રભાવ પડતો હોય છે. તેવું જણાવીને તેઓએ મંદિરમાં ડિસ્પ્લે થતી લાઈટ, હોટલોમાં ડિસ્પ્લે થતી લાઈટ, લગ્ન પ્રસંગમાં ડિસ્પ્લે થતી લાઈટ, શોરૂમ અને ઓફિસોમાં થતી લાઈટની ખાસિયત અને તેમાં રાખવા પડતા ખ્યાલ વિશે પોતાનો અનુભવ વર્ણવ્યો હતો. ડિઝાઇન મેટ્રિકસના હરમીતસિંહએ પોતાની સ્પીચમાં લોકોને કેવા કલરની સ્ટ્રીટ લાઈટ ગમે છે તેમ પૂછતા લોકોએ પીળા કલરની લાઈટ કરતા સફેદ લાઈટનો પ્રકાશ વધુ ગમતો હોવાનું જણાવ્યું હતું. અર્બન લાઈટ અને સીટી લાઈટ વચ્ચે ભેદ પાડતા તેઓએ જણાવ્યું હતું કે જ્યાં જેવી જરૂરિયાત હોય એવું લાઈટિંગ કરવું જોઈએ. અર્બન લાઈટિંગ અને સીટી લાઈટિંગના નવી દિલ્હીમાં ૨૦૧૮માં તેઓએ કરેલા પ્રોજેકટ વિશેની જાણકારી આપી હતી.

જયારે અમરદીપ ડુંગરએ લાઈટિંગ ક્ષેત્રમાં કેવો સ્કોપ છે તે અંગેની વિસ્તૃત જાણકારી આપી હતી. પ્રોજેકટર મશીન ઉપર જાણકારી આપતા તેઓએ આવનારા સમયમાં વીજળીની બચત અને ઓછો વીજ વપરાશ થાય તેવી લાઈટિંગનું મહત્વ સમજાવ્યું હતું. આ માટે કઈ રીતે અને કઈ લાઈટો લગાવવી જોઈએ તેની વિસ્તૃત જાણકારી આપી હતી.

રેસકોર્સમાં ચાલી રહેલા પ્રોપર્ટી એકસ્પો એન્ડ શો કેસ ૨૦૨૩ના ચોથા દિવસે સોમવારે વિવિધ ફેકલ્ટીના નિષ્ણાંતોએ એકસ્પોની મુલાકાત લીધી હતી. જ્યારે રાજકોટ પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ અને જિલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુએ રાજકોટ સહિત અગાઉ જ્યા જ્યા તેઓની પોસ્ટિંગ હતી એવા જિલ્લા, શહેરોનો પોતાનો અનુભવ આમંત્રિતો સાથે શેર કર્યો હતો. કલેકટર અરૂણ મહેશ બાબુએ જણાવ્યું હતું કે રાજકોટના લોકોને બપોરના સમયે ઘેરથી અહીં સુધી એકસ્પો નીહાળવા લઈ આવવા એ બહુ મોટી વાત છે. જ્યારે પો. કમિશનર રાજુ ભાર્ગવએ રાજકોટના રેસકોર્સમાં થતાં વિવિધ આયોજનને વખાણ્યા હતાં. સોમવારે સવારથી જ ઈન્ટર એસો. ઓફ લાઈટિંગ ડિઝાઈનરના હોદ્દેદારો, વિવિધ આર્કિટેકએ પોતાના આ ફિલ્ડમાં થયેલા અનુભવો વર્ણવ્યા બાદ પેનલ ડિસ્કશન કરી એકબીજાના મનમાં ઉઠતા સવાલોનું સમાધાન મેળવ્યું હતું.

સોમવારે રાત્રે આયોજીત થયેલા એવોર્ડ સમારોહમાં વિવિધ કેટેગરીમાં શિલ્ડ આપી વિજેતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

એકસ્પોની મુલાકાતે આવેલા સ્વામિનારાયણ ગુરૂકુળના પ્રાણજીવન સ્વામી તથા અન્ય સંતોએ એકસ્પો નિહાળી ખુશી વ્યક્ત કરી આવા સુંદર આયોજન માટે આયોજકોને બિરદાવ્યા હતા. પરેશ ગજેરા અને ડો. વરૂણ શાહએ સ્વામીજીને બુકે આપી શોલ ઓઢાડી તેઓનું સન્માન કર્યું હતું. આ ઉપરાંત કૌશિક વેકરિયા, જગદીશ મકવાણા (નાયબ દંડક વિધાનસભા), પીજીવીસીએલ એમ.ડી વરૂણ કુમાર, ધારાસભ્ય મોહનભાઇ કુંડારિયા, પૂર્વ ટાઉન પ્લાનર ઓફિસર આર.એમ સી. બકુલ રૂપાણી, શહેર ભાજપ પ્રમખ કમલેશ મીરાણી, મ્યુ. સ્ટે.ચેરમેન પુષ્કર પટેલ, હંસરાજભાઈ ગજેરા, જૂનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, જૂનાગઢ મનપાના સ્ટે. ચેરમેન હરેશભાઇ, પો.કમિશનર રાજકોટ રાજુ ભાર્ગવ અને ડીસીપી ક્રાઈમ પાર્થરાજસિંહ ગોહિલ સહિતનાએ એકસ્પોની મુલાકાત લઈ આયોજનને બિરદાવ્યું હતું. તેમ જણાવ્યું છે.

## વિવેકાનંદ જયંતિ નિમિતે

# વિવેકાનંદ યુથ કલબ દ્વારા વિવિધ કાર્યક્રમનું આયોજન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૦

સેવા સંસ્થા વિવેકાનંદ યુથ કલબ દ્વારા સ્વામિ વિવેકાનંદજીની ૧૨ મી જાન્યુઆરી વિવેકાનંદ જયંતિ નિમિતે તેમજ સંસ્થાના ૨૮ માં સ્થાપના દિવસ નિમિતે વિવિધ સેવાકાર્યોનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ડો.યાજ્ઞિક રોડ પર આવેલ વિવેકાનંદજીની પ્રતિમાને પુષ્પાંજલિ, અંબાજી કડવા પ્લોટ વિસ્તારમાં આવેલ સરોજીની નાયડુ ગર્લ્સ હાઈસ્કૂલમાં વિદ્યાર્થીની બહેનો માટે ત્રીપગી દોડ, ઉંધી દોડ, ગોળાફેક, સ્લોસાઈકલીંગ, ૧૦૦ મીટર દોડ સહિતની સ્પર્ધાઓ યોજાશે. આ ઉપરાંત કાલાવડ રોડ પર આવેલ કોટેચા ગર્લ્સ હાઈસ્કૂલમાં છાત્રાઓ માટે ખો-ખો, કોથળા દોડ સ્પર્ધાઓ યોજેલ છે. સરકારી પ્રાથમિક શાળા નંબર-૧૯ અને ૨૮ ના ૩૦૦ છાત્રોને તલ-મમરાના લાડવા તેમજ પતંગનું વિતરણ, સરકારી ચિલ્ડ્રન હોસ્પિટલમાં બાળકોને ફ્રુટ વિતરણ, શિયાળાની કાતિલ ઠંડીમાં- ખુલ્લા મેદાનમાં કે ફૂટપાથ પર સુતા જરૂરીયાતમંદ બાંધવોને ૧૦૦ ધાબળાનું વિતરણ, ચક્ષુદાન જાગૃતિ માટે શહેરના સાધુ વાસવાણી રોડ પર આવેલ દુકાનો, ઓફિસો-કોમ્પ્લેક્ષમાં ચક્ષુદાન પત્રિકા વિતરણ સહિતના સાત કાર્યક્રમો યોજવામાં આવેલ છે. સમગ્ર આયોજનની સફળતા માટે સંસ્થાના અનુપમ દોશી, હસુભાઈ શાહ, પંકજ રૂપારેલીયા, પરિમલભાઈ જોષી, જયેન્દ્રભાઈ મહેતા, દિનેશભાઈ ગોવાણી, જનાર્દન આચાર્ય, વિપુલભાઇ ભટ્ટ, મહેશ જીવરાજાની, નૈષધભાઈ વોરા, અનીલ ધોળકિયા, મહેશભાઈ વ્યાસ, દક્ષિણભાઈ જોષી, ગુણેન્દ્રભાઈ, જીતુભાઈ ગાંધી, કિશોરભાઈ, નયનભાઈ, રમેશભાઈ, ઉર્મિશભાઈ કાર્યરત છે. તેમ અનુપમ દોશીએ જણાવ્યું છે.

# ચેક રીટર્ન કેસમાં આરોપીને એક વર્ષની કેદ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૦

સાગર પોલીટેકનીક લિ., મેટોડા જી. આઈ. ડી. સી. ના ડિરેટકર ડેનિશ વિજયભાઈ કણસાગરાએ તેમના ડિલર રોહન પટેલ વિરૂધ્ધ રૂા. ૬,૭૫,૦૦૦ નો ચેક પરત ફર્યા અંગેની ફરિયાદ કરેલ હતી જે કેસ ચાલી જતાં સ્પેશિયલ નેગોસીએબલ કોર્ટએ આરોપીને તકસીરવાન ઠરાવી એક વર્ષની સાદી કેદની સજાનો હુકમ ફરમાવેલ હતો.


એડવોકેટ: સ્તવન મહેતા

આ કેસની હકીકત એવી છે કે, સાગર પોલીટેકનીક લિ. તેમના ડાયરેકટર મારફત આરોપી રોહનકુમાર પટેલ વિરૂધ્ધ કોર્ટમાં ફરિયાદ કરેલ હતી કે, આરોપીએ તેમની પાસેથી વિવિધ પ્રકારના પ્લાસ્ટીક-પાઈપ ખરીદ કરેલ હતા જે ખરીદ કરેલ માલની રકમ ચૂકવવા આરોપીએ રૂા.૬,૭૫,૦૦૦ નો ચેક ફરિયાદીને આરોપીએ આપેલ ચેક ફરિયાદીએ તેમની બેંકમાં વટાવવા માટે રજુ કરતાં તે ચેક પરત ફરેલ હોય જેથી ફરિયાદીએ તેમના એડવોકેટ મારફત આરોપી વિરૂધ્ધ કોર્ટમાં ફરિયાદ કરેલ હતી. આરોપી સામે ફરિયાદ દાખલ થતાં કોર્ટ દ્વારા આરોપીને સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ જેથી આરોપી કોર્ટ સમક્ષ હાજર થયેલા અને આરોપીને ગુન્હો કબુલ-મંજૂર ન હોય તેઓ કેસ ચલાવવા માંગતા હોય જેથી કેસની શરૂઆત થયેલ હતી. ફરિયાદપક્ષ દ્વારા ફરિયાદીનું સોગંદનામું તથા ચેક, ચેક રીટર્નમેમો, નોટીસ વગેરે જરૂરી તમામ દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખવામાં આવેલ હતા. જેને ધ્યાને લઈને કોર્ટે આરોપીને તકસીરવાન ઠરાવી એક વર્ષની સાદી કેદની સજા અને ફરિયાદીને વળતર પેટે રૂા. ૬,૭૫,૦૦૦ દિન-૬૦ માં ચૂકવી આપવા આદેશ ફરમાવેલ હતો અને જો તેમાં આરોપી નિષ્ફળ જાય તો એક માસની સાદી કેદની સજા ભોગવવાનો કોર્ટ દ્વારા કરવામાં આવેલ હતો. આ કેસમાં ફરિયાદી વતી રાજકોટનાં યુવા એડવોકેટ સ્તવન જી. મહેતા, નિકુંજ શુકલા, કૃશન ગોર, બ્રિજેશ ચૌહાણ, સંજય ચોથાણી, ત્રિશુલ પણસુબિયા, અશોક સાશકીયા, વિપુલભાઈ રામાણી તથા મદદનીશ તરીકે ભુષણ ઠકકર રોકાયેલ હતા.

**ઓફીસ ભાડે આપવાની છે**

ગોડલ રોડ પર, રામ ચેમ્બર્સ, પહેલો માળ, ફર્નિચર સાથે ઓફીસ ભાડે આપવાની છે. ભાડુ રૂ.૬૦૦૦

સંપર્ક: ૯૮૨૫૩ ૧૭૬૦૭

# સ્વામિનારાયણ ગુરૂકુળ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે કાવ્ય પઠન સ્પર્ધા યોજાઈ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૦

દરેક બાળકમાં કોઇ એક શ્રેષ્ઠ કૌશલ્ય રહેલું હોય છે. શાળામાં આયોજીત થતી વિવિધ સ્પર્ધાઓમાં જ્યારે બાળકો ભાગ લે છે ત્યારે તેનું કૌશલ્ય શિક્ષકો સમક્ષ આવે છે. તાજેતરમાં SGIS માં ધોરણ ૧ થી ૩ ના ભુલકાઓ માટે કાવ્યપઠન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ ખુબ ઉત્સાહ સાથે ભાગ લીધો હતો. આ સ્પર્ધાના આયોજનનો હેતુ ભુલકાઓને નાની ઉંમરમાં બાળકોને કાવ્ય પઠનની પ્રવૃતિના માધ્યમથી અભ્યાસક્રમમાં કે અન્ય સાહિત્યમાં આવતી કવિતાઓનું પઠન થકી કાવ્ય કંઠસ્થ થાય, સ્મરણ શક્તિ તેજ બને અને મંચ ઉપર આવીને તેના પ્રસ્તુતીકરણથી તેનામાં આત્મવિશ્વાસ કેળવાય તેવો હતો. ભુલકાઓએ તેને ગમતી કવિતાઓને કંઠસ્થ કરીને તેને અનુરૂપ દેશભક્ત, મેઘ ધનુષ, સૈનિક, ભગવાન કૃષ્ણ વગેરે વિષયો ઉપર આધારીત કવિતાઓ કંઠસ્થ કરીને તેના અનુરૂપ વેશભુષા ધારણ કરીને મંચ ઉપર શિક્ષકો અને સહપાઠીઓ સમક્ષ અભિનય સાથે રજુ કરી હતી. તેમની કાવ્ય પઠનની પ્રસ્તુતી એ સૌને અચંબીત કરી દીધા હતા. આ કાવ્ય પઠન સ્પર્ધાનું સફળ આયોજન સ્વામિનારાયણ ગુરૂકુળના સંતો, એડવાઇઝર શ્રીકાંત તન્નાના માર્ગદર્શનમાં પ્રાયમરી વિભાગના શિક્ષકો દ્વારા કરવામાં આવ્યું હતું.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

આપની આસપાસ બનતી ઘટનાઓ, પ્રશ્નો સમાચારો, સામાજિક, ધાર્મિક અને સેવાકિય પ્રસંગો, અવસાન નોંધ સહિત શાળા-કોલેજોમાં ઉજવાયેલા પ્રસંગો, વિવિધ ક્ષેત્રે મેળવેલી સિધ્ધિઓ તેમજ રચનાત્મક પ્રવૃતિઓના સમાચારો અમને લખીને મોકલો. સૌરાષ્ટ્ર ક્રાંતીમાં યોગ્ય સ્થાન આપવામાં આવશે... (આ સાથે સારા રિઝોલ્યૂશવાળા ફોટોગ્રાફ પણ મોકલી શકો છો)
વોટ્સએપ નં.93752 17603 email:-saurashtrakranti@gmail.com
એડ્રેસ: ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧

# બળાત્કારના ગુન્હામાં સંડોવાયેલ સરકારી નોકરીયાતની આગોતરા જામીન રદ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૦

આરોપી તુષાર દિનેશ સોલંકીએ ફરિયાદી કે જે તેની પિતરાઈ બહેન થતી હોય તેની સાથે મિત્રતા બાંધી શરીર સંબંધ બાંધવા દબાણ કરી ધમકી આપી મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધી બળાત્કાર ગુજારેલ હોય જે બાબતે ફરિયાદી દ્વારા ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ દાખલ કરતા અને આરોપી બાદમા નાશી ગયેલ હોય અને ધરપકડથી બચવા રાજકોટની સેશન્સ અદાલતમાં આગોતરા જામીન દાખલ કરેલ.


એડવોકેટ: અનિલ ગોગીયા

સરકાર પક્ષે સરકારી વકીલ અનિલ એસ. ગોગિયા દ્વારા આગોતરા જામીનનો વિરોધ કરતા દલીલો કરેલ કે આરોપી તથા ફરિયાદી પિતરાઈ ભાઈ બહેન થતા હોય ભોગ બનનારે ના પાડતા અરજદાર આરોપી દ્વારા સમાજમાં બદનામ કરી દેવાની ધમકી આપી મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધેલ અને ભોગ બનનાર ફરિયાદીને ગર્ભવતી બનાવતા એક સંતાનને જન્મ આપેલ હોય પરંતુ તે પહેલા ભોગ બનનાર ફરિયાદી આરોપીથી ધમકીના કારણે ડરી ગયેલ હોય જેથી કોઈને આ બાબતે વાત કરેલ નહીં. વગેરે દલીલોને ધ્યાને લઈને કોર્ટે આરોપીની આગોતરા જામીન અરજી રદ કરેલ.

આ કેસમાં સરકાર પક્ષે સરકારી વકીલ અનિલ એસ. ગોગિયાએ દલીલો કરેલ હતી.

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી અશોક ડાંગરનો આજે જન્મદિવસ



રાજકોટ: રાજકોટ શહેરના પૂર્વ મેયર-પૂર્વ શહેર પ્રમુખ તથા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી અશોક ડાંગરનો આજે જન્મદિવસ છે. રાજકોટ મહાનગર પાલિકામાં વર્ષ ૨૦૦૦ થી ૨૦૦૫ ની ટર્મમાં કોંગ્રેસના શાસન દરમિયાન પ્રથમ અઢી વર્ષ સુધી રાજકોટના મેયર તરીકે યાદગાર સેવા આપી હતી. તત્કાલીન સમય તેઓ કેનાલ રોડ, ગુંદાવાડી, હાથીખાના, કેવડાવાડી વગેરે વિસ્તારને સમાવિષ્ટ કરતા જુના વોર્ડ નં.૩ માંથી ચૂંટાઈ મેયર બન્યા હતા. આજે તેમના જન્મદિવસે રાજકીય આગેવાનો, સામાજીક આગેવાનો, પરિવારજનો-મિત્રો સહિતના મો.૯૮૨૪૨૧૦૫૬૭ પર જન્મદિવસ શુભકામના પાઠવી રહ્યા છે.

# પ્રોહિબીશનના કેસમાં સજાના હુકમ સામે અપીલ મંજૂર કરતી સેશન્સ કોર્ટ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૦

પોલીસ સ્ટેશનમાં આરોપી કલ્પેશ ઉર્ફે કલો રામજીભાઇ ટોયટા ઉપર રાત્રીના સમયે કેફી પ્રવાહી પીવાનો કેસ પડધરી પોલીસ સ્ટેશને કરેલ હતો. જેમાં આરોપી કલ્પેશ ઉર્ફે કલો રામજીભાઈ ટોયટા ઉપર અદાલતમાં ચાર્જશીટ ફાઈલ કરેલ હતું. આ કેસ કોર્ટમાં ચાલી જતા આરોપી કલ્પેશ ઉર્ફે કલો રામજીભાઈ ટોયટાને ૬ માસની સાદી કેદ અને રૂા.૧૦૦૦ દંડ કરવામાં આવેલ હતો, જેની સામે આરોપીએ સેશન્સ કોર્ટ રાજકોટ સમક્ષ પોતાના વકીલ મારફત અપીલ દાખલ કરતા અપીલ ચાલી જતા આરોપી કલ્પેશ ઉર્ફે કલો રામજીભાઈ ટોયટાને અપીલ મંજૂર રાખી નિર્દોષ છોડી મુકવાનો કોર્ટ હુકમ ફરમાવેલ હતો. આ કેસમાં આરોપી વતી યુવા એડવોકેટ રણજીત બી. મકવાણા, જીજ્ઞેશ એમ. સભાડ, ખુશ જોશી, નરેન્દ્ર બાવડીયા રોકાયેલ હતા.


એડવોકેટ: રણજીત બી. મકવાણા


એડવોકેટ: જીજ્ઞેશ સભાડ

# ૬ માસની પુત્રીની હત્યાનો પ્રયત્ન કરનાર માતા સામે ગુન્હો દાખલ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૦

જીજ્ઞેશભાઈ ગોંડલીયાના લગ્ન રાજકોટ મુકામેજ હાલે પતિ નાજ ફ્લેટમાં અલગ થઈ અને રહેતી પરિણીતા નીલમ સાથે થયેલ હતા અને આ લગ્ન જીવનથી તેઓને એક પુત્રી સંતાન થયેલ હતું. આ પછી પરિણીતા અને પતિ વચ્ચે તકરાર થતાં દાખલ થયેલ ફરિયાદની વિગતે દીકરી જયારે માત્ર ૬ માસની હતી ત્યારે પત્ની નીલમે આ પુત્રીનો પલંગ ઉપરથી ઘા કરેલ હતો અને અન્ય સાસરીયાઓ એ પતિ જીજ્ઞેશને મારી નાખવાની ધમકી આપેલ હતી અને પરિણીતાના ભાઈ સામે અમદાવાદમાં ખુન કેસ ચાલુ હોઈ તે ધરે આવી ધમાલ કરે છે અને મારી નાખવાની ધમકી આપે છે. આ મુજબની ફરિયાદ પતિ જીજ્ઞેશ ગોંડલીયાએ પત્ની નીલમ જીજ્ઞેશ ગોંડલીયા, સાળા રાકેશ નાગજીભાઈ ચુડાસમા, સાળા ભરત નાગજીભાઈ ચુડાસમા, સસરા નાગજીભાઈ હંસરાજભાઈ ચુડાસમા સામે કાયદાની જોગવાહી મુજબ સીધી અદાલતમાં દાખલ કરેલ હતી. ઈન્કવાયરી દલીલ પર આવતા પતિના એડવોકેટએ પત્ની અને અન્ય તમામ તમામ સાસરીયાઓ સામે પુરતો પુરાવો હોઈ ગુનો દાખલ થવો જોઈએ તેવી લંબાણપૂર્વકની દલીલો રજુ કરેલ હતી.

આ તમામ દલીલોથી સહમત થઈ રાજકોટની ફોજદારી અદાલતે પત્ની નીલમ સહિતના તમામ આરોપીઓ સામે બાળકીની હત્યા કરવાની કોશીષ કરવાની આઈ.પી.સી.ની કલમ ૩૦૭, ૫૦૪, ૩૨૩, ૫૦૬ મુજબનો ફોજદારી કેસ રજીસ્ટરે નોંધવાનો હુકમ ફરમાવેલ છે. આ કેસમાં પતિ જીજ્ઞેશભાઈ વતી એડવોકેટ સંદીપ કે. અંતાણી તથા સમીમબેન કુરેશી વકીલ તરીકે રોકાયેલ હતા.


એડવોકેટ: સંદીપ અંતાણી

# ગેરકાયદેસર બાયોડીઝલ વેચાણ કરવાના ગુન્હામાં આરોપીઓના આગોતરા જામીન મંજૂર

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૦

અમરેલી પોલીસે પેટ્રોલિંગ દરમિયાન ટેન્કર રોકી પોલીસ દ્વારા તપાસ કરવામાં આવેલ અને મામલતદાર બાબરાને જાણ કરેલ પોલીસ દ્વારા હસ્તગત કરવામાં આવેલ ટેન્કરમાં ભેળસેળયુકત પેટ્રોલીયમ પ્રોડકટની તપાસ કરતા બાયોડીઝલ જેવા પ્રવાહીનું અનઅધિકૃત જથ્થો મળી આવેલ. જેથી આ જથ્થો સીઝ કરવામાં આવેલ અને સરકાર તરફે નરેન્દ્રભાઈ પુંજાભાઈ શુકલા મામલતદાર કચેરી બાબરાવાળાઓએ અશોકભાઈ જગુભાઈ બસીયા પ્રોપરાઈટર એ.જે. ટ્રેડીંગ તેમજ એકોડે ઈન્ડસ્ટ્રીયલ ટ્રેડીંગના પ્રોપરાઈટર અજયભાઈ લક્ષ્મણભાઈ પારવાણી અને અન્ય આરોપીઓ વિરૂધ્ધ આવશ્યક ચીજવસ્તુ ધારા હેઠળ ફરિયાદ બાબરા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ.

આરોપી અશોક બસીયા તેમજ અજય પારવાણી વતી તેમના એડવોકેટ મારફત અમરેલી સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરતા આરોપીઓના એડવોકેટની દલીલોને ગ્રાહ્ય રાખી બંને આરોપીઓને આગોતરા જામીન પર મુકત કરવાનો હુકમ કરેલ.

આ કેસમાં બંને આરોપીઓ વતી એડવોકેટ રઘુવીર આર. બસીયા રોકાયેલ હતા.


એડવોકેટ: રઘુવીર બસીયા

# આ વર્ષે મકર સંક્રાંતિએ બજારમાં ઓટોમેટિક ફીરકીનો વધ્યો ક્રેઝ



(તસવીરઃ પંકજ ડાભી)

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૦

આ વર્ષે બજારમાં ઓટોમેટિક ફીરકીનો ક્રેઝ જોવા મળી રહ્યો છે. પતંગ રસિયાઓ માટે લપેટ થયા બાદ દોરી વીટવીએ કંટાળા જનક લાગે છે તો આ વર્ષે બજારમાં એક નવી ફીરકી આવી છે જેથી દોરી વીંટવાની સમસ્યા દૂર થઈ જશે. એક સ્વીચ દબાવતાની સાથે જ તમામ દોરી ફીરકીમાં વીંટાઈ જશે. આથી પતંગ રસિકોની દોરી વીંટવાની ઝંઝટ દૂર થશે.

આ વર્ષે મકર સંક્રાંતિએ બજારમાં ઓટોમેટિક ફીરકીનો ક્રેઝ વધ્યો હોય ત્યારે પતંગના એક વેપારી આકાશ પંડ્યાએ જણાવ્યું હતું કે, આ વર્ષે બજારમાં ઓટોમેટિક ફીરકીનો ક્રેઝ વધુ જોવા મળી રહ્યો છે. આજકાલના જમાનામાં પતંગ રસિયાઓ માટે લપેટ થયા બાદ દોરી વીંટવી એ કંટાળાજનક લાગે છે તો આ વર્ષે બજારમાં એક નવી ફીરકી આવી છે જેથી દોરી વીટવાની સમસ્યા દૂર થઈ જશે. જેમાં એક સ્વીચ દબાતાની સાથે તમામ દોરી ફીરકીમાં વીંટાઈ જશે ત્યારે ધાબા ઉપર પરિવાર સાથે પતંગ ચગાવતા રશિયા માટે જ્યારે દોરી વીંટવાનું કહેવામાં આવે ત્યારે આળસ જોવા મળતી હોય છે જેને દૂર કરવા માટે માર્કેટમાં નવા પ્રકારના ઈનોવેશન કરતા હોય છે જેમકે ફીરકી સ્ટેન્ડ અને પરંતુ તેમાં માનવ બળની જરૂરિયાત પડતી હોય છે જેના સમાધાન રૂપે ઓટોમેટિક ફીરકી આશીર્વાદરૂપ સાબિત થઈ શકશે જે નવ વોલ્ટની બેટરી પર ચાલે છે અને પૂરો દિવસ વાપરવા સાથે ત્રણ દિવસ સુધી ચાલે છે આમ ઉતરાયણ પર્વ નીકળી જાય છે. આમ સ્વીચ દબાવતા ની સાથે ફીરકીમાં તમામ દોરી વીંટાઈ જાય છે. તેથી પતંગ રસી કોની દોરી વીટવાની ઝંઝટમાંથી મુક્તિ થઈ જશે.

## સ્વીચ દબાવતાની સાથે જ ફીરકીમાં તમામ દોરી વિંટળાઈ જાય છે

**'સૌરાષ્ટ્ર ક્રાંતી'**ની ટીમ સાથે વાતચીત દરમ્યાન વેપારીએ જણાવ્યું હતું કે, ગત વર્ષની સરખામણીએ આ વર્ષે પતંગ-દોરીના ભાવમાં ૨૦ થી ૨૫ ટકાનો ભાવ વધારો જોવા મળ્યો છે. વધુમાં જણાવ્યું હતું કે, હાલની બજારમાં ઓટોમેટિક ફીરકી આકર્ષણનું કેન્દ્ર બની છે. આ ઓટોમેટિક ફીરકી ૯ વોલ્ટની ૩ બેટરીથી ચાલે છે. તેનો ઉપયોગ ૨૪ થી ૪૮ કલાક સુધી કરી શકાય છે. ત્યારબાદ બેટરીને ચાર્જ કરવી પડે છે. તેમજ તેમાં દોરો પણ બદલાવી શકાય છે. આ ફીરકીની કિંમત બે હજાર રૂપિયા છે. આ ઓટોમેટિક ફીરકી હાલની બજારમાં સૌથી ભારેમાં ભારે ફીરકી છે. પતંગ-દોરાની કિંમતની વાત કરતા જણાવ્યું હતું કે, સાદી પ્લાસ્ટિકની પતંગની કિંમતમાં ૨૦ રૂપિયાથી શરૂ કરીને મોંઘામાં મોંઘી ૧૦૦૦ રૂપિયા સુધીની પતંગો મળે છે. ગત વર્ષની સરખામણી કરતા આ વર્ષે પતંગ-દોરાના ભાવમાં થોડો વધારો થયો છે. તેમજ દોરાની કિંમત રૂ.૧૦ થી શરૂ કરીને ૨૦૦૦ સુધીની ફીરકી જોવા મળે છે તેમ જણાવ્યું છે.(૧૩)




**ઓટોમેટિક ફીરકી ૯ વોલ્ટની ૩ બેટરીથી ચાલે છે, તેનો ઉપયોગ ૨૪ થી ૪૮ કલાક સુધી કરી શકાય છે**

**ગત વર્ષની સરખામણી કરતા આ વર્ષે પતંગ-દોરાના ભાવમાં ૨૦ થી ૨૫ ટકાનો વધારો**




# 'આત્મમંથન'

## 'કોઈ'

ઓચિંતુ કોઈ મને રસ્તે મળે ને પછી પુછે કે 'કેમ છે?'

કોઈ મીલ ગયા..

આ 'કોઈ' એટલે કોણ?

એકચ્યુલી આપણને ખબર જ નથી કે આ 'કોઈ' કોણ છે પણ કદાચ આ 'કોઈ' એક ઈમેજીનરી વ્યક્તિ છે લગભગ દરેક વ્યક્તિનાં મનમાં, જે આપણને દરેક વાતે પૂરક છે, જે આપણને સંપૂર્ણ બનાવે છે, જે આપણી દરકાર કરે છે, જે આપણી સંભાળ રાખે છે, જે આપણને સમજે છે, જરૂર પડ્યે સમજાવે પણ છે, જેની સાથે આપણાં શોખ મળે છે, જેની સાથે આપણું મન મળે છે, જે આપણને પ્રેમ કરે છે અને એટલે જ આખરે આપણે પણ એને પ્રેમ કરીએ છીએ.

વ્યાખ્યા થોડી લાંબી થઈ ગઈ હે ને.. પણ હા, આ કોઈની ઈમેજ ઘણી જ લાંબી છે, મસમોટી છે અને એટલે જ એ વ્યક્તિ આપણને મોટેભાગે મળતી જ નથી, આપણે શોધતાં રહીએ છીએ જીવનભર પણ આપણાં મનમાં બનેલાં એ 'કોઈ' નામનાં બીબામાં કોઈ ફીટ થતું જ નથી, ક્યારેક જો એંસી- નેવું ટકા ગુણ મળતાં આવે એવી વ્યક્તિ મળી જાય તો એને આપણે એ આપણાં માટે 'કોઈ' છે એમ માની લઈએ છીએ, એ 'કોઈ' જે આપણને લગભગ દરેક વાતે સુકુન આપે છે. જેની સાથે આપણે હસી શકીએ છીએ, જેની મજબૂત છાતી પર માથું ટેકવીને આપણે ક્યારેક રડી



(મમતા પટેલ-મુંબઈ)



પણ શકીએ છીએ, એ એવી ખીંટી છે જેનાં પર આપણાં મનનો ભાર લટકાવીને થોડી ક્ષણો આપણે હળવા થઈ શકીએ છીએ, જેની સાથે પ્રેમભરી વાત કરીને આ દુનિયાને, આપણાં દુ:ખોને, આપણી વિટંબણાઓને પળભર ભૂલી શકીએ છીએ.

આ 'કોઈ' દરેક વખતે ફક્ત પ્રેમી કે મિત્ર જ હોય એવું પણ નથી, ક્યારેક કોઈ નજીકની વ્યક્તિ પણ આપણને ઈમોશનલ સપોર્ટ પૂરો પાડે છે, આટલાં બધાં ફાયદા આ 'કોઈ' ના હોવાં છતાં ઘણીવાર આવી વ્યક્તિને આપણે ગ્રાન્ટેડ લઈએ છીએ, આપણે એને આપણી વાત સંભળાવીએ છીએ પણ એની વાત સાંભળતા નથી, આપણને એ સમજે એવું ઈચ્છીએ છીએ પણ આપણે એને સમજતાં નથી, આવું કેમ? શું આ માણસ સહજ વર્તન છે કે પછી આપણે આવું સ્વાર્થમાં કરીએ છીએ કે પછી આ એક પ્રકારની લાપરવાહી છે?

આપણે ઘણીવાર આવી વ્યક્તિને આપણી રીતે મોલ્ડ કરવાં ઈચ્છીએ છીએ, એ આપણને બધી રીતે અનુકુળ/ સાનુકૂળ બને કારણ એ આપણો 'કોઈ' છે પણ સામે આપણે એની ઈચ્છા પ્રમાણે મોલ્ડ થતાં નથી, નર્યો સ્વાર્થ...

અને પછી એક દિવસ પેલું 'કોઈ' એ બીબામાંથી, એ મોલ્ડમાથી કંટાળીને બહાર નીકળવા મથે છે, એ છટપટાય છે , અકળાય છે અને અંતે ભાગી જાય છે, આપણાં જીવનથી દૂર અને પછી રહી જાય છે નર્યો અફસોસ..એ અચાનક મળી આવેલા 'કોઈ' ને ના સાચવી શકવાનો અફસોસ, ના સમજી શકવાનો અફસોસ..અને ફરી એક નવી યાત્રા શરૂ, એક નવા 'કોઈ' ને શોધવાની..

અરે.. ઘણાં તો એ સ્વિકારવા પણ તૈયાર નથી હોતા કે પોતાના સ્વાર્થી વર્તનને કારણે , લાપરવાહ મિજાજને કારણે એ પોતાના 'કોઈ'ને ગુમાવી બેઠાં છે, એ તો પાછો વાંક પણ એ 'કોઈ' નો જ કાઢે, જતાં જતાં આખીયે ઘટનાનું, છૂટાં પડવાની પ્રક્રિયાનું દોષારોપણ પણ એનાં જ માથે.. હું તો ચોખ્ખોચટ, મારો તો કોઈ વાંક હતો જ નહીં ..

શું તમે 'કોઈ' ની શોધમાં છો? શું તમારી પાસે 'કોઈ' છે? શું એ તમને 'કેમ છો' પુછે છે? શું તમે એને 'કેમ છો' પુછો છો? કે પછી બધું એકતરફી? આ તો લાગણીઓનો સોદો છે, લાગણી હટી કે દુર્ઘટના ઘટી એવો મેળ છે અને એટલે જ આત્મમંથન તો આવશ્યક છે જ. એક સલાહ, સૌ નસીબદાર નથી હોતાં કે એને 'કોઈ' મળે અને જો તમને મળ્યું છે 'કોઈ' તો એને જવાના દેતાં તમારાથી દૂર, સાચવી લેજો કારણ એને પણ નહીં જ જવું હોય..

ઓચિંતુ 'કોઈ' જો તમને રસ્તે મળે તો તમે પણ પુછજો કે 'કેમ છે?'

# રાજકોટ જિલ્લા કક્ષાનું વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણ પ્રદર્શન યોજાયું

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૦

જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ તાલીમ ભવન અને જી.સી.ઇ.આર.ટી. રાજકોટના સંયુક્ત માર્ગદર્શન હેઠળ સમગ્ર શિક્ષા બી.આર.સી.પડધરી આયોજીત જિલ્લા કક્ષાના ગણિત, વિજ્ઞાન, પર્યાવરણ પ્રદર્શન રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાની કર્ણાવતી ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે તાઃ ૬,૭,૮ જાન્યુઆરી ૨૦૨૩ દરમ્યાન યોજાયું હતું.



જેમાં રાજકોટ જિલ્લાના ૧૧ તાલુકા અને ત્રણેય યુ.આર.સી.માંથી પસંદગી પામેલ કુલ ૭૦ જેટલી વિવિધ સંશોધનો રજૂ કરતી કૃતિઓ બાળ વૈજ્ઞાનિકો દ્વારા પ્રદર્શિત કરવામાં આવી હતી. પ્રદર્શન દરમિયાન મુલાકાતીઓને વૈજ્ઞાનિક ઢબે મનોરંજન આપવા માટે ૩ ડી શો તેમજ બાળકોને ૧ મિનિટ ક્વિઝ, સેલ્ફી પોઇન્ટ, ટોયઝ મેકિંગ વગેરે જેવી પ્રવૃત્તિઓ અને આકર્ષણો રાખવામાં આવેલ હતા. આ તકે કૃતિ નિદર્શનમાંથી શ્રેષ્ઠ કૃતિઓની પસંદગી માટે ૧૦ જેટલા નિર્ણાયકોએ કૃતિ મૂલ્યાંકન કર્યું હતું. તેમજ રાજકોટ જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા બ્લોક કક્ષાના વિજ્ઞાન મેળામાં જે કૃતિઓ પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર મેળવેલ હોય તેવા કૃતિઓના બાળ વૈજ્ઞાનિકોને પ્રમાણપત્ર અને શિલ્ડ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ મેળામાં જિલ્લાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રદર્શન મેળામાં જિલ્લા શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડો.બી.એસ.કૈલા, દેવભૂમિ દ્વારકા જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી એસ.જે.ડુમરાળિયા, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડો.એ.પી. વાણવી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શાસનાધિકારી કિરીટસિંહ પરમાર તેમજ ડાયટ રાજકોટના ઈન્ચાર્જ પ્રાચાર્ય પ્રજ્ઞાબેન રાદડીયા, લાયેઝન ઓફિસર દિપાલીબેન વડગામા, જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના એજ્યુકેશન ઈન્સ્પેક્ટર હિતેશભાઈ સોમૈયા, યોગેશભાઈ ભટ્ટ, તથા રાજકોટ જિલ્લા શિક્ષક સંઘ મહામંત્રી જે.બી.આદ્રોજા, બી.આર.સી.કો-ઓર્ડિનેટર ગોંડલ વીરેનભાઈ ઉપસ્થિત રહ્યા હતાં.

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનો ૧૮ મો વાર્ષિક પદવીદાન સમારંભ યોજાયો



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
જૂનાગઢ, તા.૧૦

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનો અઢારમો વાર્ષિક પદવીદાન સમારંભ તા.૯ જાન્યુઆરીના રોજ સવારે ૧૧ કલાકે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, સરદાર પટેલ સભાગૃહ, જૂનાગઢ ખાતે યોજાયો. આ સમારંભમાં **Virtual Digital Platform** થી રાજયપાલ અને વિશ્વવિદ્યાલયના કુલાધિપતિ, આચાર્ય દેવવ્રત અધ્યક્ષ સ્થાને હાજર રહ્યા. જેમાં બી.એસસી. (ઓનર્સ) એગ્રી.ના ૨૩૧, બી.એસસી. (ઓનર્સ) હોર્ટી.ના ૬૩, બી.ટેક. (એગ્રી.એન્જી.) ના ૯૦, એમ.એસસી. (એગ્રી.) ના ૮૫, એમ.એસસી.(હોર્ટી.)ના ૧૫, એમ.ટેક. (એગ્રી.એન્જી.) ના ૧૮, એમ.બી.એ. (એગ્રી.બીઝનેસ)ના ૦૨, એમ.બી.એ. (એગ્રી.બીઝનેસ મેનેજમેન્ટ) ના ૩૧ અને પીએચ.ડી ના ૪૩ મળીને કુલ-૫૭૮ વિદ્યાર્થીઓને પદવીઓ તથા કુલ-૬૧ ગોલ્ડ મેડલ/ ગોલ્ડ પ્લેટેડ સિલ્વર મેડલ અને ૦૧(એક) કેશ પ્રાઈઝ એનાયત કરવામાં આવેલ. આ ઉપરાંત શ્રેષ્ઠ શિક્ષક તરીકેના ૦૨ (બે) એવોર્ડ પણ આપવામાં આવેલ. વૈજ્ઞાનિકઓ અને તમામ કમિટીઓએ ભારે જહેમત ઉઠાવેલ.

# વાંકાનેરમાં મકાનમાંથી બિયર-દારૂનો જથ્થો ઝડપાયો

**(મયુર ઠાકોર દ્વારા)**
વાંકાનેર, તા.૧૦

વાંકાનેરમાં ઘરમાં જ દારૂની દુકાન ચાલુ કરી બિયર અને દારૂનું વેચાણ થતું હોવાની બાતમીને આધારે વાંકાનેર સિટી પોલીસે ગાયત્રીનગરમાં દરોડો પાડી એક ઈસમને રૂપિયા ૭૪,૬૨૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ આમાં સામેલ અન્ય બે શખ્સને ફરાર દર્શાવી ત્રણ વિરૂધ્ધ પ્રોહિબિશન એક્ટ મુજબ ગુન્હો નોંધ્યો છે.



પ્રાપ્ત વિગતો મુજબ વાંકાનેર સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ યશપાલસિંહ ભવાનસિંહ પરમાર અને કૃષ્ણરાજસિંહ પૃથ્વીરાજસિંહ ઝાલાને બાતમી મળી હતી કે વાંકાનેર શહેરના ગાયત્રીનગર વિસ્તારમાં હાર્દિકસિંહ ઘનશ્યામસિંહ જાડેજા પોતાના ઘેર દારૂ - બિયરનું વેચાણ કરે છે.

જે બાતમીને આધારે દરોડો પાડતા હાર્દિકસિંહ ઘનશ્યામસિંહ જાડેજાના કબ્જામાથી અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની ૧૫૯ બોટલ અને બિયર ટીન ૧૦૪ મળી કુલ રૂપિયા ૭૪,૬૨૦નો મુદામાલ મળી આવ્યો હતો.

# ઓખા-બિકાનેર વચ્ચે વિન્ટર સ્પેશિયલ ટ્રેન દોડશે

## આજથી ટિકિટનું બુકિંગ શરૂ




**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૦

મુસાફરોની સુવિધા માટે રેલવેએ ઓખા-બિકાનેર વચ્ચે વિન્ટર સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લીધો છે. આ વિશેષ ટ્રેનો વિશેષ ભાડા સાથે દોડશે. રાજકોટ ડિવિઝનના સિનિયર ડીસીએમ અભિનવ જૈફએ જણાવ્યું છે.

ટ્રેન નંબર ૦૪૭૧૬/ ૦૪૭૧૫ ઓખા-બિકાનેર સ્પેશિયલ (૪ ટ્રીપ્સ) ટ્રેન નંબર ૦૪૭૧૬ ઓખા-બિકાનેર સ્પેશિયલ ઓખાથી ૧૧-૧ અને ૧૮ ના રોજ ૧૮:૩૦ કલાકે ઉપડશે, તે જ દિવસે ૨૩:૫૧ કલાકે રાજકોટ અને બીજા દિવસે ૧૭:૦૦ કલાકે બિકાનેર પહોંચશે. એ જ રીતે ટ્રેન નંબર ૦૪૭૧૫ બિકાનેર-ઓખા સ્પેશિયલ ૧૦-૧ અને ૧૭-૧ ના રોજ ૧૫:૫૦ કલાકે બિકાનેરથી ઉપડશે અને બીજા દિવસે ૯ કલાકે રાજકોટ અને ૧૬.૦૦ કલાકે ઓખા પહોંચશે.

આ ટ્રેન બંને દિશામાં દ્વારકા, જામનગર, હાપા, રાજકોટ, સુરેન્દ્રનગર, વિરમગામ, મહેસાણા, ભીલડી, રાણીવાડા, મારવાડ ભીનમાલ, મોડરણ, જાલોર, મોકલસર, સમદરી, લુણી, જોધપુર, મેર્તા રોડ, નાગૌર અને નોખા સ્ટેશન પર ઉભી રહેશે.

ટ્રેનમાં એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર કલાસ અને જનરલ સેકન્ડ કલાસ કોચનો સમાવેશ થાય છે. ટ્રેન નંબર ૦૪૭૧૬ માટે ટિકિટનું બુકિંગ ૧૦મી જાન્યુઆરીથી તમામ પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ થશે. સ્પેશિયલ ટ્રેનોના સમય, સ્ટોપેજ અને કમ્પોઝિશન સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો **www. enquiry.indianrail. gov.in** ની મુલાકાત લઈ શકે છે. તેમ જણાવ્યું છે.




### અમેરિકી સ્પેશ એજન્સીની જાહેરાતઃ વિશ્વભરમાં કુતુહલ

# ગુરૂવારે સૂર્ય-પૃથ્વી પાસેથી ધૂમકેતુ પસાર થશે

## રાજયમાં વિજ્ઞાન જાથા નવા ધૂમકેતુથી લોકોને અવગત કરશેઃ અફવાઓથી સાવધાન રહેલા જાથાની અપીલ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

અમદાવાદ, તા.૧૦

અમેરિકી સ્પેસ એજન્સી નાસાએ તા. ૧૨ મી એ ૫૦ હજાર વર્ષ બાદ ધૂમકેતુ પૃથ્વી-સૂર્યની નજીકથી પસાર થવાની ઘટનાની જાહેરાત કરતાં વિશ્વભરમાં કુતુહલ સાથે ઉત્તેજના વ્યાપી જવાથી રોમાંચકારી બનવા પામી છે. બ્રહ્માંડમાં હજુ પણ અસંખ્ય ધૂમકેતુઓ, ગ્રહો વણશોધાયેલા અંતરીક્ષમાં વિહાર કરે છે. ગુરૂવાર મધ્યરાત્રિ બાદ ઝવીકી ટ્રાન્ઝિન્ટ ફસેલીટી નામનો ધૂમકેતુ પસાર થવાનો છે. તેથી ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ વધુ માહિતીપ્રદ લોકો સુધી મુકવાનો નિર્ણય કર્યો છે. જાથાના ચેરમેન-એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે અંતરિક્ષનું રહસ્ય જાણવા વૈજ્ઞાનિકો સતત પ્રયત્નો સાથે સંશોધનો કરે છે જે કાયમ માટે માનવ હિતકારક સાબિત થયેલ છે. નવા શોધાયેલા ધૂમકેતુથી પૃથ્વીવાસીઓએ જરા પણ ભય-ડર રાખવાની જરૂર નથી. કોઈપણ પ્રકારનો ખતરો નથી. રોજીંદી દિનચર્યામાં વ્યસ્ત રહેવું, અફવાઓથી સાવધાન રહેવા જાથા અપીલ કરે છે.

ખગોળશાસ્ત્રીઓએ ગત વર્ષના માર્ચમાં વાઈડ ફિલ્ડ સરવે કેમેરા દ્વારા આ ધૂમકેતુને નિહાળ્યો હતો. તે સમયે તે બુધની કક્ષામાં હતો. ત્યારે તેની ચમક-ચળકાટ સામાન્ય કરતાં વધારે હતી. સામાન્ય રીતે ધૂમકેતુ થીજી ગયેલા ગેસ અને ધૂળથી નિશ્ચિત એક કોસ્મિક સ્નોબોલ છે. જે સતત સૂર્યની પરિક્રમા અંતરીક્ષમાં વિહાર કરે છે. આકારમાં તે નાનો હોય છે પણ સૂર્યની નજીક પહોંચતા ગરમ થાય છે અને તેની પાછળ ગેસ અને ધૂળની ચમકતી પૂંછડી સર્જાય છે જેનું કદ ઘણા ગ્રહો કરતાં વધારે હોય છે. આ ધૂમકેતુ તા. ૧૨ મી ગુરૂવારે અંતરીક્ષમાં નજીક જોવાનો અવસર પ્રાપ્ત થવાનો છે. વાતાવરણ-આકાશ સ્વચ્છ હશે તો જ જોઈ શકાશે.

વધુમાં જાથાના જયંત પંડયા જણાવે છે કે સી/૨૦૨૨ ઈ-૩ (ઝેડટીએફ) નામનો ધૂમકેતુ સૂર્યથી ૧૬,૬૭,૪૧,૭૮૬.૬૮૨૨૨ કિ્મી. દૂર એટલે આશરે સોળ ૧૬ કરોડથી વધુ કિલોમીટર દૂર હશે જયારે પૃથ્વીથી ૧૨,૪૫,૨૫,૨૬૭.૫૭૦૬૮ કિ.મી. દૂર એટલે આશરે ૧૩ કરોડ કિલોમીટર આસપાસ દૂર જોવા મળશે. આ ધૂમકેતુનું ઉદય મધ્યરાત્રિ બાદ તા. ૧૨ મી એ ૨ કલાક ૨૧ મિનિટે ઉદિત થશે. મધ્યે સવારે ૯ કલાક ૨૯ મિનિટ અને અસ્ત સાંજના ૪ કલાક ૩૮ મિનિટે થવાનો છે. સૂર્ય પાસેથી પસાર થશે.

અંતમાં વિજ્ઞાન જાથાએ દેશભરમાં અવકાશી ઘટનાની માહિતી લોકો સુધી પહોંચાડવાનું અભિયન આદર્યું છે. તેના ભાગરૂપે નવા ધૂમકેતુની પસાર થવાની ઘટના અંતરીક્ષ છે. માનવજાત ઉપર કોઈપણ પ્રકારનો ખતરો નથી. સ્વચ્છ આકાશમાં જોઈ શકાશે.

# નગરપાલિકાઓની ચૂંટણીઓ ૩ મહિના પાછી ઠેલાવાની શક્યતા



## વસ્તી મુજબ ઓબીસી અનામતની સીટોની માંગણીને લઈને હજી સુધી કોઈ નિર્ણય ના લેવાયો હોય,નિર્ધારીત સમયમાં ચૂંટણી કરાવવી અઘરી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૦

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં ઓબીસી વસ્તી મુજબ અનામત બેઠકો આપવાની માંગણીને લઈને આગામી ફેબ્રુઆરીમાં મુદ્દત પુરી થતી રાજયની નગરપાલિકાઓની ચૂંટણીઓ ત્રણેક મહિના સુધી પાછી ઠેલાશે તેમ માનવામાં આવી રહ્યું છે. રાજયમાં ઘણી નગરપાલિકાઓની ફેબ્રુઆરી માસમાં મુદ્દત પૂર્ણ થઈ રહી હોઈ આ બધી નગરપાલિકાની ચૂંટણીઓ પાછી ઠેલાઈ શકે તેવી સંભાવના છે.

પ્રાપ્ત વિગતો અનુસાર રાજ્યની ઘણીબધી નગરપાલિકાઓની મુદ્દત આગામી ફેબ્રુઆરીના અંતમાં પુરી થઈ રહી છે. જો કે એ પૂર્વે ચૂંટણી કરાવવા માટેની જે તૈયારીઓ થવી જોઈએ તેનો સદંતર અભાવ જોવા મળી રહ્યો છે. તેની પાછળ ઓબીસી અનામતનો મુદ્દો જવાબદાર ગણાવાઈ રહ્યો છે.ઉત્તરપ્રદેશની જેમ ગુજરાતની સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ઓબીસી વસ્તીને આધારે અનામત બેઠકો આપવાની માંગણી કરવામાં આવી રહી છે.જેને લઈને ગુજરાત સરકાર દ્વારા એક આયોગની પણ રચના કરવામાં આવી છે.જેનો રીપોર્ટ હજી સુધી સરકારને આપવામાં નહીં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. આ રીપોર્ટ આવ્યા બાદ રાજ્ય સરકાર દ્વારા ઓબીસી અનામત બેઠકોને લઈને નિર્ણય લેવામાં આવશે.આ પ્રક્રિયા પુરી થતાં હજી એકાદ-બે મહિનાનો સમય લાગશે તેમ કહેવાઈ રહ્યું છે.

ઓબીસી અનામતનો મુદ્દો કલીયર થયા બાદ રાજયના ચૂટણી પંચ દ્વારા બેઠકો અંગેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરીને ચૂંટણીઓ યોજવાની કવાયત હાથ ધરવામાં આવશે.જાન્યુઆરી મહિનાના દસેક દિવસો વીતી ચુકયા છે તેમ છતાં પણ ઓબીસી અનામત મુદ્દે હજી જોઈએ તેવો સળવળાટ જોવા મળી રહ્યો નથી.જો કે ચૂંટણી કરાવતા પહેલા ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદી સુધારણા સહિતની કેટલીક તૈયારીઓ અગાઉથી શરૂ કરી દેવામાં આવે છે,તેના પણ કોઈ અણસાર મળી રહ્યા નથી.

સૂત્રોના જણાવ્યા અનુસાર હમણાં જ વિધાનસભાની ચૂંટણી સંપન્ન થઈ છે અને નવી બનેલી રાજ્ય સરકાર હવે વિવિધ ક્ષેત્રે કામગીરી કરી રહી છે ત્યારે ઓબીસી અનામત મુદ્દે પણ ઝડપથી નિર્ણય લેવાઈ જશે તો ચૂંટણીઓ તેના નિર્ધારીત સમયે જ થશે. પરંતુ જો તેમાં વાર લાગશે તો તમામ જગ્યાઓએ વહિવટદાર શાસન અમલી બનાવીને ત્રણ મહિના બાદ ચૂંટણીઓ યોજવામાં આવશે. વિધાનસભાની ચૂંટણીનો થાક દુર થયા બાદ હવે રાજકીય પક્ષો દ્વારા પાલિકાની ચૂંટણીને લઈને અત્યારથી જ ઉમેદવારોની પસંદગીથી લઈને મુદ્દાઓ અંગે રાજકીય રણનીતિઓ તૈયાર કરવા માંડી છે.

હાલ રાપર અને ભચાઉ પાલિકામાં ભાજપનું શાસન છે.તો કચ્છ જિલ્લાની ૭૦ થી વધુ ગ્રામ પંચાયતોની મુદ્દત ગત વર્ષે જ પુરી થઈ ગઈ છે અને ત્યાં વહીવટદાર દ્વારા શાસન ચાલી રહ્યું છે. તેમ છતાં હજી સુધી ચૂંટણી યોજવાની કોઈ હિલચાલ જોવા મળતી નથી.

# ‘ડાન્સ વિથ ડોટર’: રાષ્ટ્રીય દીકરી દિવસની ઉજવણી અન્વયે સ્પર્ધાનું આયોજન

## દીકરીઓ માટે સમાજમાં રહેલ ભેદભાવને દુર કરી અને સમાનતા લાવવા હાથ ધરાયું અભિયાન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૦

રાજકોટ જિલ્લામાં ‘બેટી બચાઓ, બેટી પઢાઓ’ યોજના અંતર્ગત તા.૨૪/૧ના રોજ ‘રાષ્ટ્રીય દીકરી દિવસ’ની ઉજવણી નિમિતે બેટી બચાઓ બેટી પઢાઓ (બી.બી.બી.પી)સેલ અને જિલ્લા વહિવટી તંત્ર - રાજકોટ દ્વારા ‘ડાન્સ વિથ ડોટર’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

રાજકોટ જિલ્લા મહિલા અને બાળવિકાસ અધિકારી અવનીબેન દવેની યાદીમાં જણાવ્યા મુજબ, આ સ્પર્ધામાં કુંટુંબના કોઈપણ સભ્ય પોતાની દીકરી સાથે ડાન્સ કરી શકે છે.આ સ્પર્ધામાં ભાગ લેવા માટે https://linkshortner.net/JHZUp લીંક પર તા.૧૫/૧ને શુક્રવારના સાંજે ૬:૧૦ કલાક સુધીમાં રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. કોરોનાની સ્થિતિને ધ્યાનમાં રાખીને કાર્યક્રમનું આયોજન મર્યાદિત સંખ્યામાં કરવાનું હોવાથી ‘વહેલા તે પહેલા’ના ધોરણે આપેલ લીંકમાં સંપૂર્ણ વિગત સાથે પ્રથમ આવેલ ૧ થી ૩૫ રજીસ્ટ્રેશન થયેલા લાભાર્થીને જ પ્રાધાન્ય આપવામાં આવશે. ઉપરોક્ત લિંકમાં કાર્યક્રમ અંગેના નિયમ તેમજ સંપૂર્ણ વિગત દર્શાવેલ છે, જે રજીસ્ટ્રેશન કરતા પહેલા લાભાર્થીએ ધ્યાને લેવાની રહેશે.

**૧૫ જાન્યુઆરી સુધી ‘વહેલા તે પહેલા’ના ધોરણે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી શકાશે**

આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે કોઈપણ પ્રકારની ફી રાખવામાં આવેલ નથી. ઉલ્લેખનીય છે કે, મહિલાઓ/ દીકરીઓ માટે સમાજમાં રહેલ ભેદભાવને દુર કરી અને સમાનતા લાવવા માટેના અભિયાનના ભાગરૂપે મહિલા અને બાળવિકાસ મંત્રાલય હેઠળ ‘બેટી બચાઓ બેટી પઢાઓ’ યોજના કાર્યરત છે. દીકરીઓના મહત્વને દર્શાવવા, સ્ત્રી ભ્રૂણ હત્યા અટકાવવા, મહિલાઓને શિક્ષણ, રોજગાર, વહીવટી પ્રક્રિયાઓમાં ભાગીદાર બનાવવા, રાજકીય ક્ષેત્ર સાથે જોડવા જેવા હેતુઓ સાથે આ અભિયાન ચલાવવામાં આવે છે, જેથી તેમનામાં આત્મ નિર્ભરતાનો આત્મ વિશ્વાસ પ્રત્યક્ષરૂપે બહાર લાવી શકાય.



શ્રી વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પવિત્ર ધનુર્માસ નિમિતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી ધનુર્માસ અંતર્ગત આજે મંગળવારના રોજ શ્રી કષ્ટભંજનદેવ દાદાને દિવ્ય શણગાર ધરાવી સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી તેમજ ૭ કલાકે શણગાર આરતી પૂજારી સ્વામી (અથાણાવાળા)દ્વારા કરવામાં આવેલ તથા વિવિધ પ્રકારના રમકડાંનો શણગાર કરવામાં આવેલ તેમજ મંદિરના પરિસરમાં મારૂતિ યજ્ઞનું આયોજન કરવામાં આવેલ તથા મંદિરમાં સમગ્ર પવિત્ર ધનુર્માસ નિમિતે પારિવારિક શાંતિ માટે શ્રી હનુમાન ચાલીસ યજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે. હજારો ભકતોએ દિવ્ય દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. તેમ જણાવ્યું છે.

# ધારીના પાણીયા રેન્જમાંથી મળેલ સિંહબાળના જડબાની સફળ સર્જરી કરાઈ



બે તબીબની ટીમે ધાયલ સિંહબાળના જડબાનું ઓપરેશન કર્યુ હતું

**(મિલાપ રૂપારેલ દ્વારા)**

અમરેલી, તા.૧૦

ધારીની પાણીયા રેન્જમાં ઈજાગ્રસ્ત મળી આવેલ સિંહબાળના જડબાની સફળ સર્જરી કરવામાં આવી હતી. કામધેનું યુનિવર્સિટી હસ્તકની વેટરનરી કોલેજ, જૂનાગઢ ખાતે સિંહનાં ત્રણ માસના બચ્ચાનાં જડબાનાં ફ્રેકચરની સફળ સર્જરી કરવામાં આવી.

આ સિંહનાં બચ્ચાંને ગીર (પૂર્વ) ધારી ડિવિઝનની પાણીયા રેન્જમાંથી જડબાનાં ભાગે ઈજા થયેલ હોવાથી રેસ્કયુ કરવામાં આવેલ. જેને વધુ સારવાર અર્થે એનિમલ કેર સેન્ટર, જસાધાર ખાતે મોકલવામાં આવેલ જયાં જડબાનું ફ્રેકચર હોવાનું માલુમ પડેલ. જેથી આ સિંહના બચ્ચાને જૂનાગઢ વેટરનરી કોલેજના હોસ્પિટલમાં લાવી તેની સફળ સર્જરી ડો. વૈભવસિંહ ડોડીયા, ડો. હાર્દિક રોકડ, ડો. પિયુષ માળવી (એનિમલ કેર સેન્ટર, જસાધાર) તથા વેટરનરી કોલેજની ટીમ દ્વારા કરવામાં આવી. સિંહનાં બચ્ચાંની સફળ સર્જરી બદલ વન્યજીવ વર્તુળ (જૂનાગઢ)નાં મુખ્ય વન સંરક્ષક આરાધના શાહુ, ગીર (પૂર્વ) ધારી ડિવિઝનનાં નાયબ વન સંરક્ષક રાજદીપસિંહ ઝાલા તથા વેટરનરી કોલેજના ડીન ડો. પી.એચ. ટાંક દ્વારા જુનાગઢ વેટરનરી કોલેજની ટીમ તથા જસાધાર એનિમલ કેર સેન્ટરની ટીમની કામગીરીને બિરદાવવામાં આવી હતી.

# અમરેલી જિલ્લામાં એસ.ટી. વિભાગે પણ લોક દરબાર કરવો જરૂરી

## અમરેલી-મુંબઈ વચ્ચેની એસ.ટી. સેવા વર્ષોથી બંધઃ અમરેલી-અમદાવાદ વચ્ચે વર્ષોથી વ્હેલી સવારે પાંચ કલાકે ઉપડતી બસ પણ ભંગાર હાલતમાં

**(મિલાપ રૂપારેલ દ્વારા)**

અમરેલી, તા.૧૦

અમરેલી જિલ્લામાં જેવી રીતે પોલીસ વિભાગ દ્વારા જયાજ ખોરીનાં દુષણને ડામવા માટે લોક દરબારનું આયોજન થયું તેવી જ રીતે અમરેલીમાં એસ.ટી.નાં વિભાગીય નિયામકે દરેક શહેરો અને ગામોમાં લોક દરબાર યોજીને એસ.ટી.ની અનિયમિતતા દૂર કરવાનો પ્રાયસ કરવો જોઈએ.

અમરેલી જિલ્લામાં આવેલ અમરેલી, સાવરકુંડલા, ધારી, બગસરા, રાજુલા અને જાફરાબાદ એસ.ટી. ડેપો દ્વારા ચાલતી મોટાભાગની બસ અનિયમિત, ગંદકીથી તરબતર જોવા મળી રહી છે, લાંબા રૂટની બસ કાં તો બંધ થાય,નવી શરૂ ન થાય અને બસની હાલત અતિ ખખડધજ હોવાથી ગરીબ અને મધ્યમ વર્ગનાં મુસાફરોની હાલત દયનીય બની જાય છે.

અમરેલી ખાતેથી મુંબઈ વચ્ચે દોડતી બસ છેલ્લા ૧૫ વર્ષથી બંધ કરી દેવાઈ તો મોટા ઉપાડે તાજેતરમાં શરૂ કરેલ અમરેલી-નાસિક રૂટની બસ સુરત સુધી જ જતી હોવાની ફરિયાદ ઉભી થઈ તો અમરેલી-અમદાવાદ વચ્ચે સવારે પાંચ કલાકે ઉપડતી લોકપ્રિય રૂટની બસ ખખડધજ હાલતમાં હોય અમરેલી બાયપાસ પહોંચે ત્યાં હાંફી રહે છે. લાંબા અંતરની મોટાભાગની બસ ખખડધજ હાલતમાં હોય, બસ સ્ટેન્ડમાં બેફામ ગંદકી, ખિસ્સાકાતરૂઓનો ત્રાસ તેમજ ઓનલાઈન ટિકિટ બુક થાય તો બસ બંધ હોય તો પરત રૂપિયા મેળવવામાં પણ મુસાફરોને પગે પાણી ઉતરી જાય છે.

તદુઉપરાંત ગ્રામ્ય રૂટો પર ધડાધડ કાતર ફેરવાતા વિદ્યાર્થીઓને શાળા-કોલેજ આવવા-જવામાં મુશ્કેલી થઈ રહી છે. ઘણી વખત ડ્રાઈવર-કંડકટરનાં વાણી-વિલાસ, યુનિફોર્મનો અભાવ, ડ્રાઈવીંગ કરતા મોબાઈલમાં વાત કરવી, પુછપરછનો ફોન સતત બંધ જેવી અગણિત સમસ્યાનાં નિરાકરણ માટે ઠેકઠેકાણે લોક દરબારનું આયોજન કરવાની જરૂર હોવાનું સૌ માની રહ્યું છે.

# વેસ્ટ માંથી બેસ્ટઃ ભંગારના લાકડાં-લોખંડથી વિદ્યાર્થીઓએ બનાવી ફર્નિચરની વસ્તુઓ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૦

રેસકોર્સ મેદાન ખાતે આયોજિત ઇન્ટિરિયર ડિઝાઇન એક્સ્પોમાં ૫૦ જેટલા વિદ્યાર્થીએ પોતાની સર્જનાત્મકતા અને કોઠાસૂઝથી તૂટેલા ભંગારમાંથી વસ્તુઓ લઇ તેને રિસાઇકલ કરી તેમાંથી અદભુત,લાજવાબ કલાત્મક મોડર્ન ફર્નિચરની વસ્તુઓ તૈયાર કરી પર્યાવરણને બચાવવાનો અનોખો પ્રયાસ સૌ પ્રથમવાર કર્યો છે.

જેમાં તૂટેલા ભંગારના લાકડાં, લોખંડ, કાચ, સૂતળી, પ્લાઇવૂડનો ફરી ઉપયોગ કરી રાચરચીલું ફર્નિચર ખુરશી, ટેબલ, કબાટ, પગરખાં રાખવાનું સ્ટેન્ડ વગેરે ડિઝાઇન કર્યા છે. આ રીતે ફર્નિચર રિસાઇકલ કરી પર્યાવરણને બચાવવાનો આવો પ્રયાસ કરાયો છે. વધુમાં અન્ય ૩૦ જેટલા વિદ્યાર્થીએ બેડરૂમ, કિચન, લિવિંગરૂમ, ગેમ ઝોનના સ્ટ્રકચર ફર્નિચર સાથે નાના મોડલ બનાવ્યા હોવાનું યાદીમાં જણાવાયું છે.

## એરપોર્ટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બુટલેગરોને કોના છુપા આર્શિવાદ??

# એરપોર્ટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં જો સ્ટેટ મોનીટરીંગ સેલ ઓચિંતો દરોડો પાડે તો અનેક છુપાયેલા રાઝ બહાર આવે તેવી શકયતા


શ્રી રાજુ ભાર્ગવ પોલીસ કમિશનર | શ્રી ડો. પાર્થરાજસિંહ ગોહીલ DCP-ક્રાઈમ | શ્રી સજ્જનસિંહ પરમાર DCP-ઝોન-૧

### પોલીસ કમિશનર, ડીસીપી ક્રાઈમ અને ડીસીપી ઝોન-૧ ના નાક નીચે ચાલતા ગોરખધંધાની માહિતી શું ઉચ્ચ અધિકારીઓ સુધી પહોંચતી નથી કે પછી?!!

### દારૂના વેપલા બંધ કરાવીને રાજકોટ પોલીસને પોતાની આબરૂ બચાવવાની તક ઝડપી લેવી જોઈએ: ગ્રામજનોમાં ગેરકાયદેસર પ્રવૃતિ મામલે રોષનો જવાળા



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૦

રાજકોટ શહેરની ભાગોળે આવેલા એરપોર્ટ પોલીસ સ્ટેશનની કરીએ તો જાણકારો પાસેથી મળતી માહિતી જોઇને અને વાંચીને લોકો રીતસર છળી પડે એવી ગંભીર સ્થિતિ એ વિસ્તારોમાં આકાર પામી રહી છે. તાજેતરમાં રાજકોટ શહેરના અનેક વિસ્તારોમાં એસએમસીના દરોડા પડાયા હતા તે જ રીતે જો ઓચિંતાના એરપોર્ટ પોલીસ સ્ટેશનના વિસ્તારોમાં થતા દારૂના વેપલા સહિતની ગેરકાયદેસર પ્રવૃતિને ધ્યાનમાં લઇને જો રેડ પાડવામાં આવે તો અનેક ના તપેલા ચડી જાય એમ છે. જાણકારો પાસેથી એવી હકીકતો મળી છે કે, એરપોર્ટ પોલીસના અતિસંવેદનશીલ વિસ્તારમાં દેશીદારૂના હાટડાઓ ૨૪ કલાક માટે ધમધમી રહ્યા છે અને અતિશય ચોંકાવી દેનારી હકીકત એવી પ્રકાશમાં આવી છે.એરપોર્ટ પોલીસ સ્ટેશનના ગજવા છલોછલ કરી દેતા બુટલેગરો સમજે છે કે એમને ઉની આંચ આપવાની નથી કેમકે એરપોર્ટ પોલીસ સ્ટેશન બે વાતની કુખ્યાતિ ધરાવતું થઇ ગયું છે. એરપોર્ટ પોલીસ સ્ટેશન એટલે બેફામ હપ્તાખોરીનું ઘર બની ગયું છે. એટલું જ નહીં બુટલેગરોના ઈંગ્લીશ દારૂના કટિંગનું પણ 'સ્વર્ગ' બનીને રહી ગયું છે. !?

આ વિસ્તારની આસપાસની ૧૮ થી વધુ ગામડા અને હીરાસર આંતરરાષ્ટ્રીય એરપોર્ટની આસપાસના રહેવાસીઓ માટે ન કહેવાય કે ન સહેવાઈ એવી પરિસ્થિતિ ઉભી થઇ ગઈ છે. અહીંની ત્રાહિત અને ત્રસ્ત જનતા કટાક્ષમાં એવું કહી રહ્યા છે કે, કદાચ આ બધી અનૈતિક પ્રવૃતિઓ શહેરથી દુર શહેરની ભાગોળે ચાલતી હોવાથી રાજકોટના પોલીસ કમિશનર, ડીસીપી ક્રાઈમ અને ડીસીપી ઝોન-૧ ની નજર પડી નથી કે પહોંચી શકી નથી. અથવા તો એમના સુધી શિફ્ત પૂર્વક માહિતી પહોંચાડવામાં આવી નથી. જે હોય તે લોકો આક્રોશભેર કહી રહ્યા છે કે, એરપોર્ટ પોલીસ સ્ટેશન તો ઊંઘી રહ્યું છે પણ ઉચ્ચ અધિકારીઓએ તેમની આંખ ખોલવી જોઈએ. આવા હાટડાઓ ખુલ્લેઆમ, દિવસ-રાત ધમધમતા હોય, બુટલેગરોના નામ સહિતની કર્મકુંડળી

## શું ઉચ્ચ પોલીસ અધિકારીઓ કુંભકર્ણની નિંદ્રામાં છે? પીડિત વિસ્તારની જનતાનો આક્રોશભર્યો અવાજ કે એરપોર્ટ પોલીસ સ્ટેશન તો ઊંઘી ગયું છે પણ ઉચ્ચ અધિકારીઓ તો આંખ ખોલે?!!

હાથમાં આવી ગઈ હોય છતાં આવી પ્રવૃતિઓ પર લગામ મુકવાનું પગલું લેવાનું એરપોર્ટ પોલીસ સ્ટેશનને સુજે નહીં તો આમ જનતા બિચારી માથાના વાળ ખેંચવા સિવાય શું કરી શકે? નવાઈ તો એ છે કે, રાજકોટ શહેરની પાદરમાં આટલા મોટાપાયે અનેક પ્રકારના ગેરકાયદેસર ધંધાઓના રીતસર હાટડા મંડાયા છે. જે બધાને નરી આંખે દેખાઈ છે. પણ ક્રાઈમ બ્રાન્ચ અને એલસીબીની આંખને આ ધંધા દેખાતા નથી જેનો સીધો અર્થ એ થયો કે, પોલીસની નાક નીચે ચાલતા આ ધંધાઓ બંધ કરાવવામાં પોલીસને શરમ નડી રહી છે અને હપ્તાની સાંકળોથી કહેવાતા લાંબા હાથ બંધાઈ ગયા છે. ગજવા ગરમ કરતા રહેતા આવા તત્વો તરફથી ધ્યાન હટાવીને અનૈતિક તત્વોને મોકળું મેદાન આપી દેવામાં આવ્યું છે. એરપોર્ટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દેશીદારૂના બુટલેગરો ખુલ્લેઆમ હાટડા ચલાવે છે. પણ પોલીસને ગંધસુધા આવતી નથી. આવા તત્વોના નામ પણ આખી કર્મકુંડળી પોલીસ પાસે છે. કલ્પેશ નામનો એક બુટલેગર તો અનેક જગ્યાએ આવા હાટડા ખોલીને બેઠો છે જ્યાંથી દિવસ-રાત દેશીદારૂનો બેફામ વેપલો થઇ રહ્યો છે. બામણબોરનું નવુંપરૂ નાથાભાઈની વાડી પાસે, જુના હીરાસર ગામ પાસે, કલ્પેશના દેશીદારૂના હાટડા ધમધમી રહ્યા છે. જયારે રણજીત નામનો બુટલેગર બામણબોર જીઆઈડીસી ઉત્કર્ષ કારખાના પાસે દેશીદારૂનું પીઠું માંડીને બેઠકો છે. કલ્પેશ નામના બુટલેગરે તો હદ વટાવીને એરપોર્ટની આસપાસ જ દેશીદારૂનો વેપલો ચાલુ કરી દીધો છે. આંતરરાષ્ટ્રીય એરપોર્ટ એ ખુબ સંવેદનશીલ વિસ્તાર ગણાય છે. એમાંય રન-વે પાસે તો એરપોર્ટના માન્ય સ્ટાફ સિવાય અન્ય તમામ માટે પ્રવેશબંધી હોય છે. અહીં બહારની કોઈ વ્યક્તિ હેરફેર કરી શકતી નથી. છતાં આવા વિસ્તારમાં એટલે કે, પ્રતિબંધિત વિસ્તારની પાસે પણ દારૂના હાટડા ચાલતા હોય ત્યારે એ કહેવું પડે કે, એરપોર્ટ પોલીસ સ્ટેશનની માયા અને મમતા વિના કોઈ બુટલેગર રન-વે પાસએ દારૂ વેચવાની કે બનાવવાની હિંમત કરી શકે નહીં.

# રાજકોટમાં બોર્ડની પરીક્ષા ૧૦ ઝોનમાં: 300 બિલ્ડિંગમાં ૮૫ હજાર વિદ્યાર્થી આપશે પરીક્ષા

### બોર્ડના અધિકારીઓએ જિલ્લા શિક્ષણાધિકારીઓ સાથે યોજી સમીક્ષા બેઠક

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૦

રાજ્યમાં લેવાનાર બોર્ડની પરીક્ષાઓ બાબતે બોર્ડના અધિકારીઓએ જિલ્લા શિક્ષણાધિકારીઓ સાથે યોજેલ સમીક્ષા બેઠકમાં જણાવાયું હતું કે,રાજકોટ જિલ્લામાં આ બોર્ડની પરીક્ષાઓ ૧૦ ઝોનમાં લેવાશે અને ૩૦૦ જેટલા બિલ્ડિંગમાં લગભગ ૮૫ હજાર વિદ્યાર્થીઓ આ બોર્ડની પરીક્ષાઓ આપશે. ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડની પરીક્ષાના ફોર્મ ભરવાની પ્રક્રિયા હજુ ચાલુ છે ત્યારે બોર્ડના વિદ્યાર્થીઓની સંખ્યા ફાઈનલ થાય તે પહેલા શિક્ષણ બોર્ડે પરીક્ષાના સુચારુ આયોજન માટેની તૈયારીઓ શરૂ કરી દીધી છે. તાજેતરમાં જ રાજ્યના તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓ સાથે બોર્ડના અધિકારીઓએ બેઠક કરીને જિલ્લા પરીક્ષાની તૈયારીઓ સંબંધે ચર્ચા કરી હતી.

જેમાં રાજકોટ જિલ્લામાં ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડની પરીક્ષા કુલ ૧૦ ઝોનમાં લેવાનાર હોવાનું જાણવા મળી રહ્યું છે. રાજકોટ જિલ્લામાં શાળાઓની સંખ્યા, બ્લોક, વર્ગખંડ, ઝોન, અધિકારીઓની વિગતો, કંટ્રોલરૂમ સહિતની તમામ બાબતોનું લિસ્ટ જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા શિક્ષણ બોર્ડને મોકલી દેવાયું છે.જેના આધારે રાજ્યભરના શિક્ષણાધિકારીઓની બોર્ડના અધિકારીઓ સાથે મહત્ત્વની બેઠક મળી હતી. જેમાં બોર્ડની પરીક્ષાની તૈયારીઓ સંબંધિત જુદી જુદી બાબતોની ચર્ચા કરવામાં આવી હતી. બોર્ડની આ પરીક્ષામાં ગેરરીતિ અને પરીક્ષા ચોરીના બનાવોને ડામવા માટે દર વર્ષે ખાસ પ્રબંધો કરી એક્શન પ્લાન અમલી બનાવવામાં આવે છે. તેના ભાગરૂપે જ તારીખ ૪ થી ૭ જાન્યુઆરી દરમિયાન રાજ્યના ડીઈઓની મળેલી બેઠકમાં ચર્ચા કરાઈ હતી.

હજુ આગામી ફેબ્રુઆરી માસમાં પણ રાજ્યના ડીઈઓ સહિતના શિક્ષણ વિભાગના અધિકારીઓની બોર્ડની પરીક્ષા માટેની બેઠક મળશે.બોર્ડની પરિક્ષાની તૈયારીને લઇને ડિઇઓએ તમામ માહિતી શિક્ષણબોર્ડને

(અનુ.પાના નં.૪ ઉપર)

# રાજકોટ હોકર્સઝોનમાં ૨૦ હજાર લોકોની જરૂરિયાત સામે માત્ર ૪૫૦૦ને અધિકૃત જગ્યા!

### ફેરિયાઓને હોકર્સઝોનમાં જગ્યા આપી કડક નિયમોનું પાલન કરાવવું સમયની માંગ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૦

રાજકોટ હોકર્સઝોનમાં ૨૦ હજાર લોકોની જરૂરિયાત સામે માત્ર ૪૫૦૦ ને અધિકૃત જગ્યા ફાળવાઇ છે.રાજકોટમાં અંદાજે ૨૦ હજાર ફેરિયાઓમાં માત્ર ૪૫૦૦ ને હોકર્સઝોનમાં અધિકત જગ્યા ફાળવણી કરાઈ છે.રાજકોટમાં અંદાજે ૨૦ હજાર ફેરિયાઓની સંખ્યા છે જેમાં મહાપાલિકા દ્વારા માત્ર ૧૦૦ હોકર્સ ઝોનમાં મહત્તમ ૪૫૦૦ ફેરિયાઓને માસિક રૂપિયા ૫૦૦ ની ફી વસૂલીને કાયદેસર ધંધો કરવા માટે જગ્યા ફાળવી છે.આમ, આશરે ૧૫ હજાર જેટલા હોકર્સ શહેરમાં રસ્તા પર જ્યાં અનુકૂળતા આવે ત્યાં અડીંગો જમાવીને રોજી રળે છે જે ભ્રષ્ટાચારનો ભોગ બની શકે છે.

ગત સાલ ૨૦૨૨ માં રસ્તા પરથી અવરોધ રૂપ ૧૪૩૬ રેંકડી-કેબીનો, ૪૧૭૫ વસ્તુઓ અને ૩૦ હજાર કિલો શાકભાજી જપ્ત કરાયું હતું તેમ સૂત્રોએ જણાવ્યું હતું. મહાપાલિકાના જગ્યા રોકાણ વિભાગ દ્વારા ઈ.સ.૨૦૨૨ માં રસ્તા પરથી આવી ૧૪૩૬ રેકડી કેબીનો અને ૪૧૭૫ ચીજ વસ્તુઓ જપ્ત કરી હતી.

ઉપરાંત ૨૯,૪૪૫ કિલો શાકભાજી જપ્ત કરાયું હતું. જપ્ત થયેલી રેકડી વગેરે છોડવા માટે મનપાએ એક વર્ષમાં રૂ.૧૦૬.૧૫ લાખ વસુલ કર્યા હતા.જયારે કાયદેસર હોકર્સઝોનમાં ઉભા રખાયેલા ફેરિયાઓ પાસેથી રૂમ.૧૭૦.૮૪ લાખની વસુલાત થયાનું જગ્યા રોકાણ અધિકારી કેપ્ટન જણાવ્યું હતું. ફેરિયાઓને રોજીરોટી માટે શહેરમા હજુ આશરે ૩૦૦ હોકર્સઝોન નવા બનાવવાની જરૂર છે અને ફેરી સર્વિસ માટે માઈક નહીં વગાડવું, કોઈ સ્થળે ઉભા નહીં રહેવું જેવા નિયમોનું પાલન કરાવવાની પણ જરૂર છે.

શહેરમાં હાલ ૪૦૦ જેટલા હોકર્સઝોનની જરૂરિયાત છે તેની સામે મનપાએ હાલ ૧૦૦ ની જ વ્યવસ્થા હોવાનું જણાવ્યું હતું.

# ઉદ્યોગકારોએ વધતા જતા ગેસના ભાવને સામે પ્રોપેન ગેસનો શરૂ કર્યો વપરાશ



### મોરબી સિરામિક ઉદ્યોગકારોએ ઉદ્યોગોને બચાવવા અપનાવ્યો આ રસ્તો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૦

મોરબી સિરામિક ઉદ્યોગકારોએ વધતા જતા ગેસના ભાવને સામે એક સરળ રસ્તો અપનાવ્યો છે. ગેસના ભાવો સતત વધતા સિરામિકને લગતું મટીરીયલ પણ મોંઘું થઈ રહ્યું છે.ત્યારે મોરબીના સિરામિક ઉદ્યોગકારો પણ તેના કારણે પરેશાન છે ત્યારે મોરબી સિરામિક ઉદ્યોગકારોએ વધતા જતા ગેસના ભાવને સામે અલગ રસ્તો અપનાવ્યો છે. મોરબી સિરામિક ઉદ્યોગકારોએ વધતા જતા ગેસના ભાવને સામે પ્રોપેન ગેસનો વપરાશ શરૂ કર્યો છે.

મોરબીમાં હાલ સિરામિક ઉદ્યોગકારો ગુજરાત ગેસને બદલે પ્રોપેન અને LPG ગેસ તરફ વળ્યાં છે.જેથી ગુજરાત ગેસની મોનોપોલી તોડવામાં સિરામિક ઉદ્યોગ સફળ રહ્યો હોય તેવું જણાઈ રહ્યું છે તો વધતા જતા ગેસના ભાવને લઈને પ્રોપેન ગેસનો વપરાશ શરૂ કરવામાં આવ્યો છે જે સિરામિક ઉદ્યોગને સસ્તો પણ પડે છે અને સ્ટોરેજ પણ થઇ શકે છે. મોરબી સિરામીક એસોસિએશનના પ્રમુખ હરેશભાઈ બોપલીયાએ જણાવ્યું હતું કે, અત્યારે તેઓ બે પ્રકારના ગેસનો ઉપયોગ કરે છે.પ્રથમ ગુજરાત ગેસ દ્વારા સપ્લાય થતો ગેસ સિરામિક ઉદ્યોગમાં વપરાશ કરવામાં આવતો હતો પણ છેલ્લા વર્ષોમાં સતત વધતા જતા ભાવને લઈને સિરામિક ઉદ્યોગકારો પરેશાન થયા હતા અને એ સમયે સિરામિક ઉદ્યોગકારો દૈનિક ૭૦ લાખ ક્યુબિક મીટરનો હતો.સમયાંતરે ગુજરાત ગેસના ભાવ વધ્યા અને તેની સામે પ્રોપેન તથા LPGનો વિકલ્પ મળ્યો.

વધુમાં કહ્યું કે, આ ઉપરાંત તેનો ભાવ ગુજરાત ગેસની સરખામણીમાં ૧૫ થી ૨૦ રૂપિયા ઓછો હતો. જેથી તમામ ઉદ્યોગકાર પ્રોપેન તથા LPG તરફ વળી ગયા. અત્યારે હાલ ગુજરાત ગેસનો વપરાશ ૧૬ લાખ ક્યુબિક મીટર છે જે એક સમયે ૭૦ લાખનો હતો. એટલે ઉદ્યોગકારોને જે પરવડે તેવા પ્રોપેન તથા LPGનો ઉપયોગ કરે છે.

તેમના ઉદ્યોગમાં ગેસ વ્યવસાયનો પ્રાણ છે.તેઓ જે રો-મટીરીયલનો ઉપયોગ કરે છે.પ્રોડક્શન કોસ્ટ આવે છે તેમાં ગેસ મહત્વનો ભાગ ભજવે છે.૩૦%ની આસપાસ તેની કોસ્ટીંગ આવે છે.હાલ ગુજરાત ગેસના ભાવ જો પ્રોપેન અને LPG કરતા થોડા સસ્તા થાય તો ઉદ્યોગકારો તેનો પણ ઉપયોગ કરી શકે છે. આ ઉપરાંત પ્રોપેન, LPG અને નેચરલ ગેસના ભાવમાં નજીવું અંતર છે તેવું તેમણે જણાવ્યું હતું.

# વોર્ડનં.૧ માં ૧૨ કરોડથી વધુના ખર્ચે કોમ્યુનિટી હોલ બનશે



### મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીમાં તમામ દરખાસ્તો મંજૂર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૦

રાજકોટ મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની મિટિંગ આજે મંગળવારે બપોરે ૧૨ કલાકે મહાનગરપાલિકા કચેરીમાં પ્રથમ માળે આવેલ સ્ટેન્ડિંગ કમિટી કોન્ફરન્સ રૂમમાં રાખવામાં આવેલ. સ્ટેન્ડિંગ કમિટીમાં કુલ ૪૫ દરખાસ્તો મુકવામાં આવી હતી તે તમામ દરખાસ્તો મંજૂર કરવામાં આવી હતી. શહેરના વોર્ડ નં.૧૧ માં રંગોલી આવાસ તથા નવા રીંગ રોડ સુધી ટી.પી. રોડ પર સ્ટ્રોમ વોટર પાઈપલાઈન નાખવાના કામ માટે રૂા.૯૭,૨૮,૦૫૪ મંજૂર કરેલ. વોર્ડ નં.૬ માં કનકનગર પાસે આવેલ બગીચા ફરતે ફૂટપાથમાં જુની લઈ કાઢી ફૂટપાથ કરવાના અને વોક વે ટ્રેકમાં પેવિંગ બ્લોક નાખવાના કામ માટે રૂા.૧૪,૪૦,૯૨૦ મંજૂર, વોર્ડ નં.૧૨ માં ટી.પી. સ્કીમ નં.૧૫ (વાવડી), એફપી. નં.૫૨ (એફ) માં ગાર્ડન ડેવલપ કરવાના કામ અંગે રૂા.૧,૮૯,૧૨૫ મંજૂર કરેલ. વોર્ડ નં.૧ માં ટી.પી. સ્કીમ નં.૨૨ (રૈયા), એફ.પી. નં.૬૨/એ માં સંતોષ પાર્ક મેઈન રોડ પર કોમ્યુનિટી હોલ બનાવવા માટે રૂા.૧૨,૦૮,૫૧,૩૦૫ મંજૂર કરેલ. આજે મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીમાં તમામ દરખાસ્તો મંજૂર કરેલ.

# જામનગર ખાતે યોજાનાર આર્મી ભરતી રેલીની લેખિત પરીક્ષાના સ્થળમાં ફેરફાર

### ૧૫ જાન્યુઆરીએ યોજાનાર લેખિત પરીક્ષા 'ઈનફન્ટ્રી લાઈન' ખાતે યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૦

ભારતીય સેનામાં જોડાવા ઈચ્છુક યુવાનો માટે વિવિધ જગ્યાઓની ભરતી પ્રક્રિયા યોજાઇ રહી છે ત્યારે રાજકોટ જિલ્લાના ઉમેદવારો માટે એ.આર.ઓ. જામનગર કચેરી તરફથી મળેલી ખાસ સૂચના અનુસાર રાજકોટ ખાતે યોજાયેલ આર્મી ભરતી રેલીમાં એડમિટ કાર્ડ મેળવેલ ઉમેદવારોની લેખિત પરિક્ષાના સ્થળમાં ફેરફાર થયેલ છે.

તા. ૧૫/૦૧/૨૦૨૩ ના રોજ નંદવિદ્યા નિકેતન સ્કૂલ, જામનગર ખાતે યોજાનારી હતી.તેના સ્થાને હવે 'ઈનફન્ટ્રી લાઈન, સોમનાથ ગેટ, જામનગર' ખાતે યોજાશે. ઉપરોક્ત સ્થળ ફેરફારની નોંધ લેવા મદદનીશ નિયામક (રોજગાર), રોજગાર કચેરી, રાજકોટની યાદીમાં જણાવવામાં આવ્યું છે.




SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.